સંસદના બજેટ સત્રના બીજા તબક્કા દરમિયાન મંગળવારે રાજ્યસભામાં ભારે હોબાળો થયો. વાસ્તવમાં, કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગેએ ઉપાધ્યક્ષ હરિવંશને કંઈક કહ્યું, જેના કારણે ભારે હોબાળો થયો. આ માટે ભાજપે તેમના પર જોરદાર નિશાન સાધ્યું અને માફીની માંગ કરી. મામલો વધતો જોઈને મલ્લિકાર્જુન ખડગેએ પણ માફી માંગી. તેણે હાથ જોડીને સ્પષ્ટતા કરી. સભાને સંબોધતા તેમણે કહ્યું, "અમે સરકાર પર પ્રહાર કરીશું, તમારા પર નહીં." અમે સરકાર વિશે વાત કરી રહ્યા હતા.

ખરેખર, રાજ્યસભાની કાર્યવાહી ચાલી રહી હતી. આ સમય દરમિયાન વિપક્ષના નેતા કંઈક કહેવા માંગતા હતા. પછી ડેપ્યુટી સ્પીકરે તેમને રોક્યા. ડેપ્યુટી સ્પીકરે કોંગ્રેસના સાંસદ દિગ્વિજય સિંહને તેમના સ્થાને બોલવા કહ્યું. આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગે પોતાની બેઠક પરથી ઉભા થયા અને બોલવાનું શરૂ કર્યું. જ્યારે તેમને રોકવામાં આવ્યા ત્યારે તેમણે

સરમુખત્યારશાહીનો આરોપ લગાવ્યો. સીટ તરફ સીધો ઈશારો કરીને તેમણે કહ્યું કે સરમુખત્યારશાહી ચાલી રહી છે. હું બોલવા માંગુ છું. મેં આ માટે પણ તૈયારીઓ કરી લીધી છે અને તમે જે કંઈ મારવા માંગો છો, હું તેને યોગ્ય રીતે મારીશ. ડેપ્યુટી સ્પીકરે આનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે તમારે શાસક પક્ષ સાથે ચર્ચા કરવી જોઈએ. આ દરમિયાન, હંગામો શરૂ થયો. આ દરમિયાન, ખડગેએ યુ-ટર્ન લીધો અને કહ્યું કે તેઓ સરકાર પર પ્રહાર કરશે. કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ ખડગેના નિવેદનને ગૃહનું અપમાન ગણાવ્યું.

સાસરીયા ઉચ્ચ અભ્યાસ ન કરવા દે તો છૂટાછેડા મળી શકે

પત્નીનો અભ્યાસ અટકાવી દેવાનું કૃત્ય ક્રૂરતા ગણાયઃ મધ્યપ્રદેશ હાઈકોર્ટ

ભોપાલ, તા.૧૧

લગ્ન બાદ પત્નીને ઉચ્ચ અભ્યાસ નહીં કરવા દેનારા પતિ અને સાસરીયાઓને કૃત્યને ક્રૂરતા ઠરાવતા મધ્ય પ્રદેશ હાઈકોર્ટે હિન્દુ મેરેજ એક્ટની જોગવાઈઓ હેઠળ પરિણીતાને છૂટાછેડા માટે હકદાર ઠરાવી હતી. શિક્ષણના અધિકારને બંધારણની કલમ-૨૧ હેઠળ અપાયેલા જીવનના અધિકારમાં મહત્ત્વનો ભાગ ગણાવી ગૌરવપૂર્ણ જીવન માટે અનિવાર્ય ગણાવ્યું હતું. ધોરણ-૧૨ ભણેલી યુવતીને લગ્ન બાદ પતિ અને સાસરીયાઓ ઉચ્ચ અભ્યાસ કરવા દેતા ન હતા, જેના પગલે તેણે છૂટાછેડા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટિસ વિવેક રુસિયા અને જસ્ટિસ ગજેન્દ્ર સિંઘની બેન્ચે અરજદાર મહિલાની છૂટાછેડાની અરજી ગ્રાહ્ય રાખી હતી. હાઈકોર્ટે નોંધ્યુ હતું કે, પત્નીને અભ્યાસ છોડવાની ફરજ પાડવી અથવા અભ્યાસ ન કરી શકે તેવા સંજોગો ઊભા કરવાથી લગ્નજીવનની શરૂઆતમાં જ તેના સપના પડી ભાંગે છે. પત્નીના શિક્ષણ માટે પોતાની જાતમાં સુધારો કરવા તૈયાર ન હોય તો આ કૃત્ય માનસિક ક્રૂરતા છે અને આ પગલાથી હિન્દુ મેરેજ એક્ટ,૧૯૫૫ હેઠળ છૂટાછેડા મળી શકે છે. પ્રસ્તુત કેસમાં, અરજદાર મહિલાના લગ્ન ૨૦૧૫ના વર્ષમાં થયા હતા. તે સમયે મહિલાએ ધોરણ ૧૨ પાસ કર્યુ હતું અને વધુ અભ્યાસ કરવાની તેની ઈચ્છા હતી. સાસરીયાઓએ તેને ઉચ્ચ અભ્યાસની મંજૂરી આપી ન હતી અને દહેજ માટે ત્રાસ આપ્યો હોવાનો દાવો પત્નીએ કર્યો હતો. પત્નીએ કરેલી અરજીના વિરોધમાં પતિ તરફથી દલીલ થઈ હતી કે, તેઓ ઉચ્ચ અભ્યાસની વિરુદ્ધમાં ન હતા. બીએસ.સીના કોર્સમાં પત્નીને જરૂરી ખર્ચ આપ્યો હતો અને તેને અભ્યાસ માટે મંજૂરી આપી હતી. આ સાથે દહેજ અને ઘરેલુ હિંસાના આરોપો પણ પતિએ નકાર્યા હતા. ૨૦૨૦માં ફેમિલી કોર્ટે પતિની તરફેણમાં ચૂકાદો આપ્યો હતો.પરિણીતાએ કોર્ટના આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જો કે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન બહાર આવ્યું હતું કે, પતિ અશિક્ષિત હતા અને પત્નીના અભ્યાસનો ખર્ચ નહીં ઊઠાવ્યો હોવાનું તેમણે પોતે સ્વીકાર્યુ હતું.

ચંદ્ર પર મળ્યો દુર્લભ 'ખજાનો! ચંદ્રયાન-૩ લેન્ડર વિક્રમના ડેટાના સંશોધનમાં ખુલાસો

અમદાવાદ,તા.૧૧

ચંદ્રયાન-૩નું લેન્ડર વિક્રમ ચંદ્ર પર સૂઈ રહ્યું છે, પરંતુ તેના ડેટાના સંશોધનમાં ચોંકાવનારી બાબતો સામે આવી છે. વિક્રમ લેન્ડર પર ઘણા પ્રકારના ઈન્સ્ટ્રૂમેન્ટ લગાવવામાં આવ્યા છે, જેમાં તેણે તેના લુમ થતા પહેલા ડેટા એકત્રિત કર્યો હતો. તે માહિતી અનુસાર ચંદ્રની ધરતી પર એક દુર્લભ વસ્તુ મળી આવી છે. ચંદ્રયાન-૩ મિશન જેની શોધમાં છે તે ચંદ્ર પર મળી શકે છે. હા, ચંદ્ર પર પહેલા કરતા વધુ પાણીનો બરફ હોઈ શકે છે.

ચંદ્રયાન-૩ પરના સાધનોમાંથી એકના ડેટાનું વિશ્લેષણ સૂચવે છે કે ચંદ્રના ધ્રુવીય પ્રદેશોના બહારના વિસ્તારોમાં પાણીનો બરફ હોઈ શકે છે. અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં સરફેસ થર્મોફિઝિકલ એક્સપેરીમેન્ટના વૈજ્ઞાનિકોએ ચંદ્ર પરથી એકત્ર કરાયેલા ડેટા પર સંશોધન કરીને તેમના રિપોર્ટમાં ચંદ્ર પર જીવનના ચિહ્નો મળવાની સંભાવના વ્યક્ત કરી હતી, જે જો સાચી સાબિત થશે તો ચંદ્ર પર માનવ વસાહત સ્થાપવાનું વૈજ્ઞાનિકોનું સ્વપ્ન સાકાર થઈ શકે છે.

ચંદ્રની સપાટી અને તેની પેટા સપાટીના તાપમાનમાં ઘણો તફાવત છે. ચંદ્રના વિસ્તારો કે જે સૂર્યપ્રકાશ મેળવતા નથી અને ધ્રુવીય પ્રદેશોમાં સમાન તાપમાન હોઈ શકે છે અને સપાટીની નીચે પાણીનો બરફ હોઈ શકે છે.

Rajkot Municipal Corporation
e-Tender Notice

Rajkot Municipal Corporation, ENGINEERING DEPARTMENT, Shri Zaverchand Meghani Bhavan, Bhavnagar road, Rajkot - 360003for invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

Sr	Name of work
1	Supply and Fixing of Flower Bed Type Road Divider Stone at Dudhsagar Road in Ward No.15 RETENDER (ECV Rs. 61,48,766/-)

The last date for downloading and submission of online e-Tenders at www.rmc.nprocure.com is 24/03/2025. For more details please visit http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx.

(Sd/-)
City Engineer

સેન્સેક્સ લાલ અને નિફ્ટી લીલા રંગમાં બંધ

મુંબઈ,તા.૧૧

મંગળવારે દિવસભર શેરબજારમાં ઉતાર-ચઢાવ રહ્યો. કારોબારના અંતે, બીએસઈ સેન્સેક્સ ૧૨.૮૫ પોઈન્ટ ઘટીને ૭૪,૧૦૨.૩૨ પર બંધ થયો. તે જ સમયે,એનએસઈ નિફ્ટી ૩૭.૬૦ પોઈન્ટના વધારા સાથે ૨૨,૪૯૭.૯૦ પોઈન્ટ પર બંધ થયો. આજે શેરબજારમાં ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. શેર -૨૭.૦૨% ઘટીને રૂ. ૬૫૭.૨૫ પર બંધ થયો. આના કારણે, આજે બેંકના શેરમાં રોકાણ કરનારા રોકાણકારોના લગભગ ૧૮,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં આ ઘટાડો બેંક દ્વારા તેના ડેરિવેટિવ્ઝ પોર્ટફોલિયોમાં ખામીઓ સ્વીકાર્યા પછી થયો, જેના કારણે બેંકનો નફો રૂ. ૧,૫૦૦ કરોડ ઘટવાની ધારણા છે. આ પછી, આજે શેર ત્રણ વાર લોઅર સર્કિટ લાગ્યો. ૫ દિવસમાં બેંકનો શેર ૩૩.૯૩% ઘટ્યો છે. તમને જણાવી દઈએ કે યુએસ બજારોમાં નબળાઈ અને ઈન્ફોસિસના શેરમાં ભારે વેચવાલીથી મંગળવારે શરૂઆતના કારોબારમાં મુખ્ય શેર સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી લાલ રંગમાં ખુલ્યા હતા

એકસૂત્રમાં બાંધતું પર્વ હોળી

આલેખન:વિનોદ માછી નિરંકારી

પ્રત્યેક દેશના પોતાના સામાજીક ધાર્મિક અને રાષ્ટ્રિય પર્વ હોય છે. કોઇપણ દેશના પર્વ તે દેશની સંસ્કૃતિ એકતા ભાઇચારો પરંપરા અને આપસી ભેદભાવ દૂર કરી એકસૂત્રમાં પરોવવાનું પ્રતિક હોય છે.સામાજીક અથવા ધાર્મિક તહેવારોનું પોતાનું અલગ મહત્વ તથા સ્થાન હોય છે.આ તહેવાર માનવીની ધાર્મિક વિચારધારાઓને પૃષ્ટ કરે છે સાથે સાથે સમાજના તમામ વર્ગોમાં પારસ્પરીક પ્રેમ એકતા સ્થાપિત કરે છે. પ્રત્યેક પર્વનો સબંધ ભૂતકાળની કોઇ મહત્વપૂર્ણ ઘટના અથવા ઘટનાઓ સાથે જોડાયેલ હોય છે. આ તહેવાર ભૂતકાળની ઘટનાઓ પ્રત્યે નવચેતના જગાવીને ઉલ્લાસ ઉમંગ ભરીને ગૌરવશાળી ભૂતકાળને પુન:જીવિત કરે છે અને અમોને અમારી મહાન ગૌરવશાળી સંસ્કૃતિથી જોડી રાખે છે.

હોળીએ યૌવન મસ્તી ઉમંગ અને અંદરોઅંદરના ભેદભાવ(દુશ્મની) ભુલીને એકસૂત્રમાં બાંધવાનું પર્વ છે.પ્રાચીનકાળથી હોળીને એક લોકપર્વના રૂપમાં મનાવવામાં આવે છે.હોળીનું પર્વ ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિ બંન્ને સાથે જોડાયેલું છે.હોળીના પર્વ સબંધિત પૌરાણિક કથા પણ ખુબ જ પ્રસિદ્ધ છે.રાજા હિરણ્યકશ્યપુ અને તેમની પત્ની કયાધૂથી ભગવદ રત્ન પ્રહલાદનો જન્મ થયો હતો. હિરણ્યકશ્યપને ચાર પૂત્ર હતા તેમાં પ્રહ્લાદ સૌથી નાના હતા એટલે તેમના પ્રત્યે પિતાને વિશેષ સ્નેહ હતો.પિતા કટ્ટર નાસ્તિક તો પૂત્ર પ્રહલાદ કટ્ટર આસ્તિક,ઇશ્વર ભક્ત હતા. હિરણ્યકશ્યપ રાક્ષસ હતો તેને તમામ જગ્યાએ હિરણ્ય એટલે સોનું જ દેખાતું હતું, તેને ત્રણ જ વસ્તુ દેખાતી હતી પૈસો,સ્ત્રી અને દારૂ. તે જીવનમાં ભોગને જ સર્વસ્વ સમજતો હતો.તેનામાં ખાવો પીવો અને મોજ કરો એવી મનોવૃત્તિ હતી, તે પોતાને જ ઈશ્વર સમજતો હતો અને પોતાના રાજ્યમાં તમામ લોકો તેની જ ઈશ્વર સમજીને પૂજા કરે તેવો તેનો આદેશ હતો. કાદવમાં કમળ ખીલે તેમ આ રાક્ષસને ત્યાં રાત દિવસ પ્રભુનું નામ સ્મરણ કરે તેવો પૂત્ર જન્મ્યો હતો. વિચારોમાં જમીન આસમાનના ફરકના કારણે પિતા પૂત્ર વચ્ચે એકતા સ્થાપિત થઇ શકી નહીં.

''હિરણ્યકશ્યપ જેવા રાક્ષસના ઘેર પ્રહલાદ જેવા પરમ ભક્તનો જન્મ કેમ થયો?'' એકવાર બ્રહ્માજીના માનસ પૂત્ર સનકાદિક કે જેમની અવસ્થા સદાય પાંચ વર્ષના બાળક જેવી જ રહે છે તેઓ વૈકુઠ લોકમાં ગયા. તેઓ ભગવાન વિષ્ણું પાસે જવા ઇચ્છતા હતા પરંતુ જય અને વિજય નામના દ્વારપાળોએ તેમને બાળક સમજીને અંદર જવા દીધા નહિ તેથી મહાત્માઓને ગુસ્સો આવી જાય છે કે અમારા માટે ભગવાનના દ્વાર ક્યારેય બંધ ના હોય, ક્રોધના આવેશમાં સનકાદિક ઋષિઓએ શ્રાપ આપ્યો કે તમારા લોકોની બુધ્ધિ તમોગુણથી અભિભૂત છે એટલે તમે બંને અસુર બની જશો. દ્વારપાળો દુ:ખી થઇ ગયા. ભગવાનને ખબર પડી એટલે બહાર આવ્યા. મહાત્માઓને સમજાવ્યું કે દ્વારપાળોએ તમોને અટકાવ્યા એ તેમની ભૂલ હતી પરંતુ તમોએ એમને શ્રાપ આપ્યો એ બરાબર નથી કર્યું કેમ કે તેઓ તેમની ફરજ બજાવતા હતા, ગમે તેમ પણ તે ચોકીદાર છે માટે શ્રાપમાં કંઇક ફેરફાર કરો.

સંતોએ કહ્યું કે તેમને અસુર તો થવું જ પડશે પરંતુ અમે એક ફેરફાર કરીએ છીએ કે તે અસુર બન્યા પછી તમારી સાથે ભક્તિભાવ રાખશે તો તેમને સાત જન્મો પછી મુક્તિ મળશે અને તમારી સાથે વેર બાંધશે તો ત્રણ જન્મો પછી પુન: તેમને આ સ્થાનની પ્રાપ્તિ થશે. આટલું કહીને મહાત્માઓ જતા રહ્યા. આ દ્વારપાળોએ નિર્ણય કર્યો કે ભગવાનનું ભજન કરીએ તો સાત જન્મો પછી મુક્તિ મળશે તેના કરતાં ત્રણ જન્મો પછી મુક્તિ મળે તેવું કરીએ.ઋષિના શ્રાપવશ તે બંને દ્વારપાળો દિતિના ગર્ભથી હિરણ્યકશ્યપુ અને હિરણાક્ષના રૂપમાં ઉત્પન્ન થયા. હિરણાક્ષને ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કરીને માર્યો. ભાઇના વધથી સંતપ્ત હિરણ્યકશ્યપુએ દૈત્યો અને દાનવોને દેવો ઉપર અત્યાચાર કરવા માટે આજ્ઞા આપી પોતે મહેન્દ્રાચલ પર્વત ઉપર તપ કરવા માટે ચાલ્યો ગયો. તેના હૃદયમાં વેરની આગ ધધક રહી હતી એટલે તે ભગવાન વિષ્ણુ સામે બદલો લેવા માટે ઘોર તપસ્યામાં જોડાઇ ગયો. આ બાજુ હિરણ્યકશ્યપુને તપસ્યામાં લીન જોઇને ઇન્દ્રે દૈત્યો પર ચઢાઇ કરી દીધી.



દૈત્યગણ અનાથ હોવાના કારણે ભાગીને રસાતલમાં ચાલ્યા ગયા. ઇન્દ્રએ રાજમહેલમાં પ્રવેશ કરીને રાજરાણી કયાધૂને બંદી બનાવી દીધાં. તે સમયે તે ગર્ભવતી હતાં. ઇન્દ્ર જ્યારે તેમને અમરાવતી તરફ લઇ જઇ રહ્યા હતા ત્યારે તેમની મુલાકાત દેવર્ષિ નારદજી સાથે થાય છે. નારદજીએ ઇન્દ્રને કહ્યું કે ઇન્દ્ર ! આ કયાધૂને ક્યાં લઇ જાય છે? ઇન્દ્રએ કહ્યું કે દેવર્ષિ ! તેના ગર્ભમાં હિરણ્યકશ્યપુનો અંશ છે તેથી તેને મારીને પછી કયાધૂને છોડી દઇશ. આ સાંભળીને નારદજીએ કહ્યું કે દેવરાજ ! કયાધૂના ગર્ભમાં મહાન ભગવદ ભક્ત છે તેને મારવો તારી શક્તિની બહાર છે એટલે તૂં તેમને છોડી દે. નારદજીની વાત માનીને ઇન્દ્રએ કયાધૂને નારદજી પાસે જ છોડીને અમરાવતી ચાલ્યા ગયા. નારદજી કયાધૂને પોતાના આશ્રમમાં લઇ ગયા અને કયાધૂને કહ્યું કે બેટી ! જ્યાંસુધી તમારા પતિ તપસ્યા કરીને પરત ના આવે ત્યાં સુધી આપ સુખપૂર્વક મારા આશ્રમમાં રહો. અવારનવાર નારદજી ગર્ભસ્થ બાળકને લક્ષ્ય બનાવીને કયાધૂને તત્વજ્ઞાનનો ઉપદેશ આપતા હતા. આ જ બાળક જન્મ બાદ પરમ ભાગવત પ્રહલાદ થયા. ત્યાંના સંસ્કારોની અસર પ્રહલાદ ઉપર પડી હતી. નારદજીના મુખેથી દૈવી વિચારો સાંભળી પ્રહલાદ જડવાદી રાક્ષસનો પૂત્ર હોવા છતાં પણ ગર્ભવાસમાં દૈવી વિચારો સાંભળ્યા હોવાથી તે દૈવી વિચારનો મહાન તેજસ્વી પ્રભુ ભક્ત થયો.

હિરણ્યકશ્યપુએ પોતાના ગુરૂપૂત્ર ષણુ અને અમર્કને બોલાવ્યા અને પ્રહલાદને શિક્ષણ આપવા માટે તેમને હવાલે કરી દીધા.પ્રહલાદ ગુરૂગૃહમાં શિક્ષણ મેળવવા લાગ્યા. કુશાગ્ર બુધ્ધિ હોવાના કારણે તે ગુરૂ પ્રદત્ત શિક્ષણ તુરંત જ ગ્રહણ કરી લેતા હતા સાથે સાથે તેમની ગુરૂ ભક્તિ પણ વધવા લાગી. પ્રહલાદ અસુર બાળકોને પણ ભગવદ ભક્તિનું શિક્ષણ આપતા હતા. આ બધી વાતોની જાણ જ્યારે હિરણ્યકશ્યપને થઇ તો એક દિવસ હિરણ્યકશ્યપુએ ઘણા જ પ્રેમથી પ્રહલાદને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું કે બેટા ! અત્યાર સુધીમાં ભણેલી સારામાં સારી વાત સંભળાવ. હિરણ્યકશ્યપએ પ્રહલાદને સમજાવવાના અનેક પ્રયાસો કર્યા પરંતુ પ્રભુનામમાં મસ્ત પ્રહ્લાદના વિચારો બદલવામાં તે નિષ્ફળ રહ્યા.ત્યારબાદ તેણે પ્રહલાદને મારી નાખવા આજ્ઞા આપી.અસુરોએ પ્રહલાદને મારી નાખવા માટે વિભિન્ન અસ્ત્રોનો પ્રયોગ કર્યો પરંતુ તે તમામ નિષ્ફળ ગયા ત્યારબાદ પ્રહલાદને હાથીઓની નીચે કચડી નાખવા પ્રયાસ કર્યો, વિષધર સર્પો કરડાવ્યા, પુરોહિતોથી કૃત્યા રાક્ષસી ઉત્પન્ન કરાવડાવી પહાડોની ટોચ ઉપરથી નીચે નખાવ્યા, શમ્બાસૂર પાસે અનેક માયાના પ્રયોગો કરાવડાવ્યા, અંધારી કોટડીમાં પુરી દીધા, ઝેર પિવડાવ્યું, ભોજન બંધ કરાવી દીધું, બર્ફિલી જગ્યાએ, દહકતી આગ અને સમુદ્રમાં ફેકાવ્યા, આંધીમાં છોડી મુક્યા તથા પર્વત નીચે દબાવી દેવામાં આવ્યા પરંતુ તમામ ઉપાયો કરવા છતાં પ્રહલાદનો વાળ વાંકો ના થયો. પ્રત્યેક વખતે તે બચી ગયા ત્યારે હિરણ્યકશ્યે પ્રહલાદને અગ્નિમાં જીવતો બાળી મુકવાની નવી યોજના બનાવી.

હિરણ્યકશ્યપની હોલીકા નામની એક બહેન હતી.હોલીકાને અગ્નિદેવનું વરદાન હતું કે ''જો તે સદવૃત્તિના મનુષ્યોને કનડશે નહીં તો અગ્નિ તેને બાળશે નહીં.'' આ માટે અગ્નિદેવે વરદાનના રૂપમાં દિવ્ય ચુંદડી આપી હતી કે જે ઓઢવાથી અગ્નિથી રક્ષણ થાય. હિરણ્યકશ્યપે પ્રહલાદને જીવતો બાળી મારી નાખવા લાકડાનો ઢગલો કરી તેમાં હોલીકાના ખોળામાં પ્રહલાદને બેસાડવાનો આદેશ કર્યો. પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને ભગવાન વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાર્થના કરી. અંતે જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે પવનદેવની કૃપાથી પેલી ઓઢણી હોલિકાનાં મસ્તક પરથી ઉડી અને પ્રહલાદને વિંટળાઇ ગઇ. ઇશ્વરની લીલાથી હોલિકા અગ્નિમાં બળીને ભસ્મ થઇ ગઈ અને પ્રહલાદનો વાળ પણ વાંકો ના થયો. આમ હોલિકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની.

આ કથા અનુસાર આજે પણ હોલિકાદહન મનાવવામાં આવે છે. હવે આપણને શંકા થાય કે જે હોલિકાએ પ્રહલાદ જેવા હરિભક્તને મારી નાખવાનો પ્રયાસ કર્યો તે હોલિકાનું હજારો વર્ષોથી લોકો પૂજન શા માટે કરે છે? હોલિકાપૂજનની પાછળનું કારણ જુદું છે. જે દિવસે હોલિકા પ્રહલાદને ખોળામાં બેસાડીને અગ્નિમાં બેસવાની હતી તે દિવસે નગરના બધા જ લોકોએ ઘેર ઘેર અગ્નિ પ્રગટાવીને પ્રહલાદના રક્ષણ માટે પ્રાર્થના કરી હતી. અગ્નિદેવે લોકોની અંત:કરણની પ્રાર્થના સ્વીકારી અને પ્રહલાદ બચી ગયો. કાળક્રમે પ્રહલાદને બચાવવા માટેની પ્રાર્થનારૂપે ઘરઘરની અગ્નિપૂજાએ સામુહિક અગ્નિપૂજાનું રૂપ લીધું છે. આમ હોળીની પૂજા એટલે અગ્નિદેવનું પૂજન.. ખરાબ વૃત્તિના નાશ માટે તથા સારી વૃત્તિના રક્ષણ માટે લોકોના હૃદયમાં રહેલી શુભ ભાવનાનું પ્રતિક છે. પ્રહલાદના અગ્નિમાંથી બચી જવાથી તથા કપટી હોલિકા બળી જવાથી ખુશ થયેલા લોકોએ ઉત્સવ મનાવ્યો, એકબીજા ઉપર રંગ અને ગુલાલ ઉડાડ્યો. આ જોઇ બીજા દિવસે આસુરીવૃત્તિના લોકોએ ધૂળ કાદવ ઉડાડ્યો તેથી હોળીના બીજા દિવસને ધૂળેટી કહેવામાં આવે છે. હોળીમાં ફક્ત કચરો કે કામ વિનાની ચીજોનો જ હોમ નથી કરવાનો પરંતુ આપણા જીવનમાં આપણને હેરાન કરતા ખરાબ વિચારો, મનના મેલનું પણ હવન કરવાનું છે.

હોળીના દિવસે ઘેર ઘેર ફરી લાકડાં ભેગાં કરી અગ્નિ પ્રગટાવી પૂજા અર્ચના કરવામાં આવે છે તથા ઢોલ નગારા તથા નાચ ગાન કરવામાં આવે છે.હોળીના પર્વમાં ઉંમર અમીરી ગરીબીને કોઇ સ્થાન નથી.તમામ વર્ગોના તથા તમામ ઉંમરના નર-નારી એકબીજા ઉપર રંગ છાટે છે અને ભેદભાવ મિટાવવાનો સંકલ્પ કરે છે.ગામડાઓમાં પુરૂષો મહીલાઓ ઉપર રંગ છાટે છે ત્યારે મહિલાઓ હાથમાં લાકડી લઇ પુરૂષોની પિટાઇ કરે છે.કેટલાક લોકો આ પાવન અને મસ્તીભર્યા તહેવારના દિવસે શરાબ પીવે છે તથા જબરજસ્તીથી એકબીજાને રંગવાનો પ્રયાસ કરે છે તથા કાદવ ઉછાળે છે અને આમ અશ્લીલતા કે અમાનવીય વ્યવહારનું પ્રદર્શન કરવું જોઇએ નહીં પરંતુ હળીમળીને આ પર્વને પર્વની ભાવનાથી મનાવવું જોઇએ.

વાસ્તવમાં હોળી મસ્તી ઉમંગ અને દુશ્મની ભૂલીને એકબીજાને ભેટવાનો પાવન તહેવાર છે. અલગ અલગ વિચારો ઘૃણા શત્રુતા અને આપસમાંનો ભેદભાવ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ ત્યારે જ હોળી એકસૂત્ર બાંધવાનું પર્વ કહેવાશે.

અમરેલી એસ.ટી.વિભાગમાં ડ્રાઈવર-કંડકટરની ઘટ, સંચાલન મુશ્કેલ

અમરેલી તા.૧૧: અમરેલી એસ.ટી. ડિવિઝનના તાબા હેઠળ આવેલા તમામ ડેપોમાં ડ્રાઈવર તથા કન્ડક્ટરની ઘટ છે જેથી કરીને જીલ્લાના તમામ ગામડાઓમાં રૂટ અનિયમિત થઈ ગયેલ છે અને વિદ્યાર્થીઓએ સહિતના મુસાફરોને હેરાન થવું પડે છે. આ બાબતે રાજય સરકારને જાણ હોવા છતાં કોઈ ભરતી કરવામાં આવતી નથી.અમરેલી એસ.ટી.ડિવિઝનમાં છેલ્લા ઘણા સમયથી ડ્રાઈવર તથા કન્ડક્ટરોની મોટા પ્રમાણમાં ઘટ છે. જેથી કરીને જીલ્લાના તમામ ગામડાઓના રૂટો અનિયમિત ચાલી રહ્યા છે અને વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ તેમજ મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને અનિયમિત બસના લીધે વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ સમયસર તેઓ સ્થળ સુધી જઇ શકતા નથી જેના કારણે વિદ્યાર્થીઓને શિક્ષણમાં મુશ્કેલી પડે છે અને ધંધાકીય લોકોને આર્થિક નુકશાનીનો સામનો કરવો પડે છે. માટે અમરેલી એસ.ટી. ડેપોમાં વહેલી તકે ડ્રાઈવર તથા કન્ડક્ટરો ફાળવીને ખાલી પડેલ જગ્યાઓને ભરવામાં આવે તેવી માંગ થઈ રહી છે. રાજય સરકાર દ્વારા સમયાંતરે એસ.ટી.ના કંડકટર-ડ્રાઈવરની ભરતી કરવામાં આવે છે પરંતુ ભરતી કર્યા બાદ વધુ ડ્રાઈવર-કંડકટરો નિવૃત થતા હોય છે. જેથી પરિસ્થિતિ જૈસે થે રહે છે. લગ્નગાળામાં એસ.ટી.બસનું સંચાલન કરવુ માથાના દુ:ખાવારૂપ બની જાય છે. મોટાભાગના કર્મચારીઓ રજા પર હોવાથી અમરેલી એસ.ટી.ડિવિઝનના તમામ ડેપોમાં રૂટ બંધ કરવા પડે તેવી સ્થતિ છે. જિલ્લાના ડેપોમાં ડ્રાઈવરોની ઘટ જાઈએ તો અમરેલીમાં ૩૬, સા.કુંડલામાં ૨૭, બગસરામાં ૨૧, ધારીમાં ૨૩, રાજુલામાં ૧૪, ઉનામાં ૨૦, કોડીનારમાં ૦૩ ડ્રાઈવરોની ઘટ છે જયારે કંડક્ટરોમાં અમરેલીમાં ૨૦, સા.કુંડલામાં ૨૭, બગસરામાં ૨૦, ધારીમાં ૧૯, રાજુલામાં ૧૭, ઉનામાં ૨૫ અને કોડીનારમાં ૧૧ની ઘટ એસ.ટી.વિભાગના ચોપડે નોંધાયેલી છે.

સર્જનાત્મકતા ભુલકા મેળો-૨૦૨૫ માં રાજકોટ મનપાની પી.એસ.ઈ. ટીમ પ્રથમ

રાજકોટ, તા.૧૧ ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના આઈ.સી.ડી.એસ. વિભાગના કમિશ્નર ડો.રણજીતકુમારસિંહની અધ્યક્ષતામાં સંકલિત બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર દ્વારા આયોજિત પા..પા.પગલી પ્રોજેકટ અંતર્ગત શિક્ષણમાં સર્જનાત્મકતા ભુલકા મેળા ૨૦૨૪-૨૫ નુ આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ મનપાની પી.એસ.ઈ. ટીમ હિરાણી મમતા ભુપેન્દ્રભાઈ, કરગથરા માનસી પ્રફુલભાઈ તેમજ કોટક મોનિકા, તેજસ દ્વારા સુરક્ષા થીમ આધારીત અપનાવો ટ્રાફિક રુલ અભિનય ગીત રજૂ કરીને રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. જે બદલ આઈ.સીડી.એસ. વિભાગ રાજકોટ ઝોનના વિભાગીય નાયબ નિયામક પૂર્વીબેન પંચાલ, રાજકોટ મનપાના પ્રોગ્રામ ઓફિસર દેસાઈ શારદાબેન તેમજ આઈ.સી.ડી.એસ. પરિવાર તરફથી અભિનંદન પાઠવેલ છે.

ISO 9001:2015 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફટી ફ્યુચર ૨૨૩૦૩ પોઈન્ટ ઉપર તેજી રહેશે..!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!! તા.૧૧.૦૩.૨૦૨૫ ના રોજ...

બીએસઇ સેન્સેક્સ - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૭૪૧૧૫ સામે ૭૩૭૪૩ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૩૬૬૩ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...દિવસ દરમ્યાન સરેરાશ ૫૩૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૧૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૪૧૦૨ પોઈન્ટ બંધ થયેલ..!!!

નિફટી ફ્યુચર - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફટી ફ્યુચર આગલા બંધ ૨૨૫૧૫ સામે ૨૨૪૧૯ પોઈન્ટના મથાળેથી ખુલીને ૨૨૩૬૧ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૨૩૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફ્યુચર ૪૮ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨૫૬૪ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આકરી ટેરિફ પોલિસીના કારણે અમેરિકામાં આ વર્ષે મંદી શરૂ થવાના સકેત, બેરોજગારીના દરમાં વધારો તેમજ ટ્રમ્પના ટેરિફ વોરથી વિશ્વમાં ટ્રેડવોરની ભીતિના પગલે વૈશ્વિક બજારોમાં નોંધાયેલા કડાકાની અસર ભારતીય શેરબજારમાં પણ જોવા મળી હતી. ટેરિફ વોરમાં ભારત પર ભીંસ વધવા લાગી હોઈ સરકારે અમેરિકા સાથે સિક્રેટ ટ્રેડ ડિલ કરીને ટેરિફમાં અપેક્ષાથી વધુ ઘટાડો કરવા સંમતિ આપી દીધાની ચર્ચા વચ્ચે આજે સપ્તાહના બીજા દિવસે ભારતીય શેરબજાર બે તરફી અફડાતફડીના અંતે ઘટાડા સાથે બંધ રહ્યું હતું.

ટ્રમ્પના ટેરિફ વોરના પરિણામે નિકાસો પર નિર્ભર દેશોની હાલત કફોડી થવાના એંધાણમાં ચાઈનામાં ફુગાવો શૂન્યની અંદર આવી જવા સાથે ડિફલેશનની વિકટ પરિસ્થિતિ સર્જાઈ રહ્યાના અને ભારત પર ટેરિફ લાદવાનું સતત દબાણ સામે ભારતે ટેરિફમાં ઘટાડો કરવા તૈયારી બતાવ્યાના નિર્દેશોએ આજે ભારતીય શેરબજારમાં સાવચેતીનો માહોલ જોવા મળ્યો હતો. કરન્સી માર્કેટની વાત કરીએ તો, વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ ઘટતાં ભારતીય રૂપિયાના મૂલ્યમાં વધારો જોવા મળ્યો હતો, જ્યારે ક્રૂડઓઈલના ભાવમાં બે તરફી વધઘટ જોવા મળી હતી.

બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૭૨% વધીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૭૦% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર આઈટી, ફોકસ્ડ આઈટી, બેન્કેક્સ, એફએમસીજી, યુટિલિટીઝ, ઓટો, ટેક અને ઈન્ડસ્ટ્રીયલ્સ શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૦૯૨ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૫૦૬ અને વધનારની સંખ્યા ૧૪૬૬ રહી હતી, ૧૨૦ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૪ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સન ફાર્મા ૨.૬૨%, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૪૯%, ભારતી એરટેલ ૧.૯૩%, એચસીએલ ટેક ૧.૨૨%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૭૪%, કોટક બેન્ક ૦.૬૮%, ટાઈટન લિ. ૦.૫૯%, નેસ્લે ઈન્ડિયા ૦.૨૩% અને ટેક મહિન્દ્રા ૦.૦૧% વધ્યા હતા, જ્યારે ઈન્ડસઈન્ડ બેન્ક ૨૭.૧૭%, ઈન્ફોસીસ લિ. ૨.૪૮%, બજાજ ફિનસર્વ ૧.૮૧%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૭૭%, પાવર ગ્રીડ કોર્પ. ૧.૪૬%, એક્સીસ બેન્ક ૦.૯૮%, અદાણી પોર્ટસ ૦.૫૬%, એચડીએફસી બેન્ક ૦.૧૨% ટાટા સ્ટીલ ૦.૦૭%, બજાજ ફાઈનાન્સ ૦.૦૨% અને ટાટા મોટર્સ ૦.૦૧% ઘટ્યા હતા.

બજારની ભાવિ દિશા.... મિત્રો, ટ્રમ્પે વિશ્વભરના દેશો સામે આક્રમક ટેરિફ યુદ્ધ છેડ્યું છે. અમેરિકાના વહીવટી ખર્ચમાં કાપ મૂકવા માટે કર્મચારીઓની આડેધડ છટણી કરાઈ રહી છે. આ બધાં કારણોને લીધે અમેરિકામાં આર્થિક અનિશ્ચિતતાઓનો માહોલ સર્જાયો છે. પરિણામે રોકાણકારો યુએસ ટ્રેઝરી બોન્ડ્સ જેવી સુરક્ષિત અસ્ક્યામતો તરફ વળી ગયા છે. અમેરિકન બજારમાં કડાકો બોલતાં એની પ્રતિકૂળ અસર વૈશ્વિક બજારો પર પણ જોવા મળી હતી છે અને ટ્રમ્પની નીતિઓના કારણે ટૂંકા ગાળાની મંદી આવી શકે છે. નિષ્ણાત અર્થશાસ્ત્રીઓના મતે, ટ્રમ્પની નીતિઓને લીધે અમેરિકાનો આર્થિક વિકાસ રૂંધાશે. વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં અમેરિકાનો આર્થિક વિકાસ અંદાજિત ૨.૨% રહેવાની અપેક્ષા હતી તે હવે ઘટીને ૧.૭% થઈ ગઈ છે. ગગડતાં માર્કેટોને સ્થિર કરવા માટે ટ્રમ્પ પોતાની નીતિઓમાં કંઈક હકારાત્મક બદલાવ લાવશે એવી સૌને અપેક્ષા છે ત્યારે આગામી દિવસોમાં અમેરિકન પ્રમુખના નિર્ણયો અને નીતિઓ પર ભારતીય શેરબજારની નજર રહેશે.

તા.૧૨.૦૩.૨૦૨૫ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

તા.૧૧.૦૩.૨૦૨૫ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ ૨૨૫૬૪ પોઈન્ટ - આગામી સંભવિત નિફટી ફ્યુચર ૨૨૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૨૨૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૨૬૦૬ પોઈન્ટ થી ૨૨૬૭૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફટી ફ્યુચરમાં ૨૨૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા.૧૧.૦૩.૨૦૨૫ ના રોજ બેન્ક નિફટી ફ્યુચર બંધ ભાવ ૪૭૯૯૯ પોઈન્ટ - આગામી સંભવિત બેન્ક નિફટી ફ્યુચર ૪૭૮૦૮ પોઈન્ટ પ્રથમ અને ૪૭૬૭૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૪૮૦૮૮ પોઈન્ટ થી ૪૮૧૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફટી ફ્યુચરમાં ૪૮૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

એસીસી લિ. (૧૮૮૫) - અદાણી ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૨૮ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૯૮ થી રૂ.૧૯૦૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૯૧૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!

ઈન્ફોસિસ લિ. (૧૬૭૩) - ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૬૨૬ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૬૮૮ થી રૂ.૧૬૯૪ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

એચસીએલ ટેકનોલોજી (૧૫૭૧) - રૂ.૧૫૪૪ નો પ્રથમ તેમજ રૂ.૧૫૩૦ બીજા સપોર્ટથી કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૫૮૮ થી રૂ.૧૬૦૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!

હેવેલ્સ ઈન્ડિયા (૧૪૭૯) - કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૯૪ થી રૂ.૧૫૦૮ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૪૨૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

આઈસીઆઈસીઆઈ બેન્ક (૧૨૪૭) - રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૨૦૭ સ્ટોપલોસ આસપાસ પ્રાઇવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૨૬૩ થી રૂ.૧૨૭૦ આસપાસ ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!!!

ટેક મહિન્દ્ર (૧૪૮૭) - ટેકનીકલ ચાર્ટ મુજબ કમ્પ્યુટર્સ - સોફ્ટવેર એન્ડ કન્સલ્ટિંગ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૫૦૮ આસપાસ વેચવાલી થકી રૂ.૧૪૭૦ થી રૂ.૧૪૪૪ ના નીચા મથાળે ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૨૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો..!!

સિપ્લા લિ. (૧૪૫૨) - રૂ.૧૪૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૮૪ ના સ્ટોપલોસે તબક્કાવાર રૂ.૧૪૩૪ થી રૂ.૧૪૦૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૯૦

દેશમાં ભૂજ, સુરત અને રાજકોટમાં સૌથી ઉંચુ તાપમાન નોંધાયુ

સતત બીજા દિવસે ગુજરાતના કેટલાક વિસ્તારમાં ગરમીનું મોજું વધુ પ્રચંડ બન્યું

રાજકોટ, તા.૧૧

દેશના ઉત્તર પશ્ચિમ તેમજ પશ્ચિમ કિનારાના અનેક રાજ્યોમાં ઉનાળાના આગમન સાથે જ ગરમીની ગાડીએ ગતિ પકડતા દેશભરમાં માર્ચના પ્રથમ પખવાડીયામાં નોંધાયેલ ગરમીના આંકડાએ છેલ્લા ૨૫ વર્ષનો વિક્રમ તોડયો છે. દેશભરમાં ચાલી રહેલ ગરમીનું મોજું વધુ પ્રચંડ બની રહયુ છે. દેશમાં સતત બીજા દિવસે ગુજરાતના ભૂજ ખાતે આજે તાપમાનનો પારો ૪૨ ડીગ્રીએ પહોંચેલ. રાજ્યના ૧૩ થી વધુ શહેરોમાં પ્રચંડ ગરમીની અસર હેઠળ આવતા એક વર્ષ પહેલાના તા.૧૧ માર્ચના તાપમાનની સરખામણીમાં ન્યુનત્તમ અને મહત્તમ તાપમાન ૨ થી ૭ ડીગ્રી ઉચકાયેલ હતુ.

પશ્ચિમ ઈરાનમાં સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આગળ ધપતા લોઅર ટોપોસ્ફેરિકમાં બદલાતા તેની અસરથી રાજસ્થાનના ઉત્તર પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સર્જાયેલ સાયકલોનિકલ સરક્યુલેશન લોઅર લેવલ ટ્રોપોસ્ફેરિકમાં પરિવર્તન પામી આગળ ધપતા રાજસ્થાન અને ગુજરાતના અનેક વિસ્તારો પ્રચંડ ગરમીના મોજાની અસર હેઠળ સપડાયા છે.

દેશના પશ્ચિમ કિનારાના અનેક રાજ્યો ગરમીના મોજાની ઝપટમાં આવેલ છે. જેમાં મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન, ગોવા, કોંકણ, મહારાષ્ટ્ર-વિદર્ભ તેમજ કર્ણાટક સહિતના રાજ્યોમાં ગરમીનું પ્રમાણ સામાન્ય કરતા વધુ જોવા મળી રહેલ છે. ઉત્તર પશ્ચિમ કેટલાક વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં વધારો થયા બાદ થંડરસ્ટ્રોમ એકિટીવીટી સર્જાતા તા.૧૪ થી ૧૬ દરમ્યાન કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની શકયતા સર્જન પામેલ છે.

ગુજરાત ત્થા રાજસ્થાનમાં ગરમીનુ મોજુ આગામી ૪૮ કલાક દરમ્યાન એન્ટી સાયકલોનિકલ સરક્યુલેશનની અસર યથાવત રહેશે. જેથી હજુ ૫ દિવસના તાપમાનનો પારો હજુ પણ વધુ ઉંચાઈ પ્રાપ્ત કરશે અને તાપમાનમાં પણ ૨ થી ૬ ડીગ્રી ઉંચકાતા રાત્રીના સમયે પણ ગરમીનુ અનુભવ વધશે.

રાજ્યમાં આજે સૌથી વધુ તાપમાન ભૂજ ખાતે ૪૨ ડીગ્રી, સુરત ૪૧.૮, સુરેન્દ્રનગર ૪૧.૮, રાજકોટ ૪૧.૭, ડાંગ ૪૧.૪, અમદાવાદ ૪૦.૪, ગાંધીનગર ૪૦.૪, નલિયા ૪૦.૨, અમરેલી ૪૦, વડોદરા ૩૯.૮, ભાવનગર ૩૯.૨, પોરબંદર ૩૯.૨, વલસાડ ૩૯.૧ અને ડીસા ૩૯.૧ ડીગ્રી તાપમાન નોંધાયેલ જ્યારે આધારભૂત અહેવાલ અનુસાર વલ્લભવિદ્યાનગર ખાતે ૪૦.૮ ડીગ્રી તાપમાન નોંધાયેલ હતુ.

ગુજરાતમાં ફેલાયેલા પ્રચંડ ગરમીના મોજાએ માર્ચના પહેલા પખવાડીયાનો ૨૫ વર્ષનો વિક્રમ તોડયો

મોરબીઃ ઝૂલતો પુલ દુર્ઘટનામાં આરોપી જયસુખ પટેલને કોર્ટમાંથી રાહત મળી

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૧૧:

મોરબી ઝૂલતો પુલ તૂટી પડતા નિર્દોષ નાગરીકોના મોત થયા હતા જે અંગેનો કેસ મોરબી કોર્ટમાં ચાલી રહ્યો છે જેમાં આરોપી જયસુખભાઈ પટેલને શરતી જામીન આપવામાં આવ્યા હતા જેમાં મોરબી જીલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ હતો તે પ્રતિબંધ આજે હટાવી લેવામાં આવ્યો છે ઓક્ટોબર ૨૦૨૨ માં મોરબીનો ઝૂલતો પુલ તૂટી જતા બાળકો, મહિલાઓ સહીત ૧૩૫ નિર્દોષ નાગરિકોના મૃત્યુ થયા હતા જે અંગે પોલીસે ફરિયાદ નોંધી ઓરેવા ગ્રુપના એમડી જયસુખભાઈ પટેલ સહીતના ૧૦ આરોપીઓને ઝડપી લીધા હતા આરોપીઓ ઝડપાયા બાદ જયસુખભાઈ પટેલે જામીન મેળવ્યા હતા શરતોને આધીન કોર્ટે જામીન અરજી મંજુર કરી હતી જેમાં એક શરત તેઓ મોરબી જીલ્લામાં પ્રવેશ કરી સકે નહિ તેવી પણ હતી આજેક્સની મુદત હોવાથી આરોપી જયસુખ પટેલ દ્વારા વકીલ મારફત જામીનની શરત રદ કરવા અરજી કરી હતી અને આરોપી પક્ષની દલીલોને સાંભળી કોર્ટે જયસુખભાઈ પટેલને રાહત આપતા જામીનની શરત રદ કરી છે જેથી હવે તેઓ મોરબી જીલ્લામાં પ્રવેશ કરી શકશે તેમજ કેસની આગામી મુદત ૧૫ એપ્રિલની પડી છે જેથી વધુ સુનાવણી ૧૫ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે

ખંભાળીયાના ગોઈંજ ગામે મહિલાઓના કપડા ફાડીને નિર્લજ્જ હુમલો

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૧૧

દેવભૂમી દ્વારકા જીલ્લાના ખંભાળીયા તાલુકાના ગોઈંજ ગામે બઘડાટીનો એક વિચિત્ર બનાવ બન્યો છે. મહિલાઓને નિર્વસ્ત્ર કરવાના ઈરાદે કપડા ફાડી નાખીને હુમલો કરતા ભારે હોબાળો મચી ગયો છે. ખંભાળીયા તાલુકાના ગોઈંજ ગામના વતની હુસેન મામદ (ઉ.૩૮)ને એક મહિલા સાથે બોલવાનો વ્યવહાર હતો બાદમાં તેઓએ આ મહિલા સાથે નાતો તોડી નાખ્યો હતો. બાદમાં આરોપી ઈમ્તીયાઝ અને ઈમરાને આ યુવતિને પરેશાન કરવાનુ મનઃદુખ રાખીને આ બે આરોપી ઉપરાંત આબેદાબેન અને તેમની સાથે આઠથી દશ મહિલાઓ અને પંદરેક જેટલા પુરૂષો સાથે હુસેનભાઈના ઘેર હુમલો કરેલ હતો. ઉપરાંત આરોપીઓએ ફરીયાદીના ઘરની સ્ત્રીઓને નિર્વસ્ત્ર કરવાના ઈરાદે તેણીઓના કપડા ફાડી નાખી હુમલો કર્યો હતો. આ મામલે ફરીયાદ થતા પોલીસે અલગ અલગ કલમો મુજબ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ જિલ્લામાં બે સ્થળે વિદેશી દારૂના દરોડા, રૂા.૩.૬૧ લાખનો શરાબ પકડાયો

ઉપલેટાના મુખડા ગામે ક્રેટા કારમાંથી ૪૨૦ બોટલ શરાબ પકડાયો, જેતપુર નજીક પોલીસે ફિલ્મી ડબ્બે પીછો કરી કારમાંથી એક લાખનો દારૂ પકડ્યો

રાજકોટ તા.૧૧:

રાજકોટ જિલ્લામાં બે સ્થળોએ વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે જેમાં ઉપલેટા તાલુકાના મુરખડા ગામે ક્રેટા કારમાંથી ૪૨૦ બોટલ વિદેશી દારૂનો છ્ઠ્ઠો ઝડપી પાડ્યો છે જ્યારે જેતપુર નજીક પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી કારમાંથી રૂપિયા ૧ લાખનો દારૂ ઝડપી પાડ્યા છે. પાયલોટિંગ કરતી કાર સહિત ત્રણ કાર અને દારૂ મળી રૂપિયા ૨૦ , ૬૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસે કારના નંબરના આધારે મુટલેગરોની શોધ ખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ હોળી ધુળેટી ના પર્વમાં દારૂ ની રેલમ સેલ કરવા બુટલેગરો સક્રિય બન્યા હોવાની રાજકોટ જિલ્લા પોલીસ વડા ને ધ્યાને આવતા કડક સાથે કામગીરી કરવા આપેલી સૂચનાને પગલે એલસીબીના પી.આઈ વીવી વડોદરા સહિતના સ્ટાફે ઉપલેટા પંથકમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ૧૧ ૯૩ ૦૭ નંબરની ક્રેટા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની હેટ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર અને હરેશભાઈ પરમારને મળેલી બાતમી ના આધારે પીએસઆઇ એચસી ગોહિલ અને એએસઆઇ અનિલભાઈ અને બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી સહિતના સ્ટાફે મુરખડા ગામ પાસે વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની કાર પાટ ઝડપે આવતા તેને અટકાવવાની કોશિશ કરતા ચાલક કાર લઈને નાસી છૂટા તેનો ફિલ્મી ઢવે પીછો કરતા ચાલક કાર મૂકી નાસી છૂટતા પોલીસે કારની તલાસી લેતા જેમાંથી રૂપિયા ૨.૫૮ લાખની કિંમતના ૪૨૦ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે દારૂ અને કાર મળી રૂપિયા ૧૦.૫૮ લાખનો મુદ્દામાત કબજે કર્યો છે પોલીસે કારના નંબરની આધારે ચાલક ની શોધ ખોળા થઈ છે. આ ઉપરાંત જેતપુર પોલીસ મથકના ઇન્ચાર્જ પી.આઈ બીડી ઝાલા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ દરિયો હતો ત્યારે જીજે ૧૮ બી એફ૧૯૧૯ નંબર ના ક્રેટા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે ધોરાજી હાઇવે પર વાહન ચેકિંગ હાથ ધર્યું હતું ત્યારે પાયલોટિંગ કાર સાથે આવતી રહેતા કારણે અટકાવવાનો પ્રયાસ કરતા ચાલકે કારને અહંકારી મુકતા તોડે દૂર બંને ચાલકો કાર મૂકી નાસી છૂટ્યા હતા પોલીસે કારની તલાસી લેતા જેમાંથી રૂપિયા એક લાખની કિંમતનો ૧૫૧ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂ અને બે કાર મળી દસ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસે બંને કારની નંબરના આધારે ચાલક ની શોધખોળ હાથ ધરી છે

લાલપુરઃ પરપ્રાંતીય શ્રમિક યુવાનનો આપઘાત

(નયના દવે દ્વારા)

જામનગર તા.૧૧:

મૂળ બિહાર રાજ્યના વતની અને હાલ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોટી ખાવડીમાં કરમશીભાઈ મોરીની ભાડા ની ઓરડીમાં રહીને મજૂરી કામ કરતા મનીષકુમાર અભિમન્યુ પાડે નામના ૨૧ વર્ષના પરપ્રાંતીય વિપ્ર યુવાને ગઈકાલે પોતાની ઓરડીમાં કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છેઆ બનાવ અંગે તેની સાથે જ રહેતા ધનંજય કુમાર ઉમેશ કુમાર પાંડેએ પોલીસને જાણ કરતાં મેઘપર ના એ.એસ.આઇ. એલ.જી. જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

યુવાનની હત્યા નીપજાવનાર ચારની અટકાયત

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના બગધરા ગામની સીમ વિસ્તારમાં એક પરપ્રાંતિય શ્રમિક યુવાન પર ૮ થી ૧૦ શખ્સોએ ધારદાર હથિયારો વડે હુમલો કરી હત્યા નીપજાવી હતી, જે હત્યા ના બનાવવામાં પોલીસે ચાર હુમલાખોર આરોપીને અટકાયતમાં લઈ લીધા છે, જ્યારે અન્ય ની શોધખોળ ચલાવવામાં આવી રહી છે. જામજોધપુર તાલુકાના બગધરા ગામની સીમ વિસ્તારમાં કરમશીભાઈ દામજીભાઈ અજુડીયા ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા મનીષ ઉર્ફે મંશારામ ગિલદાર નરગાવે નામના ૩૩ વર્ષના પરપ્રાંતીય શ્રમિક યુવાન પર બગધરા સીમ વિસ્તારમાં આવેલી વાડીમાં આઠથી દસ જેટલા શખ્સોએ ધારદાર હથિયારો વડે હુમલો કરી હત્યા નીપજાવી હતી.જે બનાવા અંગે જામજોધપુર પોલીસે શેઠ વડાલા પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરીને હત્યા કેસમાં સંડોવાયેલા ૧૦ આરોપીઓ પૈકીના ચાર આરોપી બગધરા ગામના પરબત પુંજાભાઈ રબારી, નારણ પુંજાભાઈ રબારી, રઘાભાઈ દેવાભાઈ રબારી અને બધાભાઈ બટુકભાઈ રબારી ની અટકાયત કરી લીધી છે અને વધુ પૂછપરછ હાથ ધરી છે.

ઉપલેટામાં જુગાર રમતા નવ શખ્સ ઝડપાયા

સ્મશાન રોડ પર આવેલ રહેણાંક મકાનમાં દરોડો પાડી રૂ. ૫૩,૬૮૦નો મુદ્દામાલ કબ્જે

રાજકોટ તા.૧૧

ઉપલેટાના રહેણાંક મકાનમાં મંડાયેલ જુગારના પાટલા પર રાજકોટ રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી રૂ. ૫૩,૬૮૦ના મુદ્દામાલ સાથે નવ ખેલીઓની ધરપકડ કરવામાં આવી છે જ્યારે એક શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં દારૂ-જુગારની બદી ડામવા મળેલી સૂચનાને આધારે રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા અને પીએસઆઈ એચ સી ગોહિલના માર્ગદર્શન હેઠળ એલસીબીનો સ્ટાફ કાર્યરત હોય દરમિયાન એલસીબી ટીમને ખાનગી રહે બાતમી મળી હતી કે, ઉપલેટા શહેરના સ્મશાન રોડ ધરારના ડેલા સામે રહેણાંક મકાનમાં જુગારનો દરોડો પાડ્યો હતો. મકાનમાં દરોડો પાડી રૂ. ૫૩,૬૮૦ના મુદ્દામાલ સાથે નવ ખેલીઓની ધરપકડ કરવામાં આવી હતી. એલસીબીએ દિલાવર ઓસમાણભાઈ હિંગોરા, વિમલ રાજભાઈ કનારા, રમેશ મેઘાભાઈ સોંદરવા, અતુલ બચુભાઈ ધમર, ભરત નાનુભાઈ જંજેરીયા, પ્રતિક કિરીટભાઈ ડઢાણીયા, મનોજ મગનભાઈ ઘોડાસરા, હીરા દેવરાજભાઈ ભીટ વિરા બધાભાઈ વાંદા રૂ.૨૭,૧૮૦ની રોકડ, સાત મોબાઈલ સહીત રૂ. ૫૩,૬૮૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી છે જ્યારે અન્ય એક શખ્સની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી વી ઓડેદરા ળ, પીએસઆઈ એચ સી ગોહિલ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડદોકિયા, રોહિતભાઈ બકોત્રા, વકારભાઈ આરબ, અમિતભાઈ કનેરીયા, હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ જાડેજા, અરવિંદસિંહ જાડેજા, કૌશિકભાઈ જોષી, વિજયસિંહ જાડેજા, ભગીરથસિંહ જાડેજા, દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, વાઘાભાઈ આલ, પ્રણવભાઈ સાવરીયા, હરેશભાઇ પરમાર, કોન્સ્ટેબલ મેહુલભાઈ સોનરાજ, મહિપાલસિંહ ચુડાસમા, મીરલભાઈ ચંદ્રવાડીયા, પ્રકાશભાઈ પરમાર તેમજ ડ્રાયવર કોન્સ્ટેબલ અબ્દુલભાઈ શેખ અને વિરમભાઈ સામેચા રોકાયા હતા.

કોટડાસાંગાણી અરડોઇ ગામે કારખાનેદાર સહીત બે પર સશસ્ત્ર હુમલો

તારા કારખાનામાં અમારા જ વાહનો ભાડે રાખવા તેવું દબાણ કરીને પાંચ શખ્સો તૂટી પડ્યા

રાજકોટ

કોટડાસાંગાણીના અરડોઇ ગામે જય સોમનાથ પેપરમીલ નામે કારખાનું ચલાવતા કારખાનેદાર સહીત બે વ્યક્તિ પર અરડોઇ ગામના રામકુ માંજરીયાં સહીત પાંચ શખ્સોએ સશસ્ત્ર હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. તારા કારખાનામાં અમારા જ વાહન ભાડે રાખવાના તેવી ધમકી આપનાર રામકુ સહીત પાંચ શખ્સોએ ધારિયું અને ધોકા વડે હુમલો કરતા કારખાનેદાર અને ભાગીદાર પુત્ર ઘવાયા હતા. મામલામાં મૂળ ગોંડલના ચરખડીના વતની અને હાલ રાજકોટ શહેરના વિશ્વનગરમાં રહેતા મયુરભાઈ વિઠ્ઠલભાઈ મોવલીયા (ઉં.વ.૪૪)એ કોટડાસાંગાણી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અરડોઇ ગામમાં જય સોમનાથ પેપર મીલ ચલાવી વેપાર કરે છે. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે સવારથી હું અને મારા ભાગીદારો બકુલભાઇ વીરડીયા તથા ગીરીશભાઇ કથારીયા જય સોમનાથ પેપરમીલની ઓફીસમા બેઠા હતા. ત્યારે આશરે પોણા બે વાગ્યે અરડોઈ ગામનો રામકુભાઈ બાવકુભાઈ માંજરીયા તથા તેની સાથે યુવરાજ, મજબુત અને બે અજાણ્યા શખ્સોં એક કાળા કલરની સ્વિફ્ટ ગાડી જેના નંબર જીજે-૦૩-એનકે-૮૧૮૭ લઈને સોમનાથ મીલમા આવેલ હતા.

બાદમાં રામકુભાઇ અને મજબૂતે ગાડીમાથી ધારીયુ જયારે યુવરાજ અને બે અજાણ્યા શખ્સોંએ ગાડીમાંથી ધોકા કાઢી ભાગીદાર બકુલભાઈ સાથે ઝાઘડો કરવા અંદર આવતા મે અને બકુલભાઇના દિકરા રશ્મીને આ બધાને ઓફિસની સીડી પાસે રોકી ઝગડો નહિ કરવા સમજાવતા રામકુભાઇએ મને અને રશ્મીનને હાથમા ધારીયુ મારી દિધેલ હતું. જયારે યુવરાજ તથા મજબુત અને બે અજાણ્યા શખ્સો ધોકાથી માર મારવા લાગેલ હતા. દરમિયાન રામકુ અને તેની સાથેના માણસો કહેવા લાગેલ કે ચારણી કરી દેવો છે, તને મારી નાખવો છે, ભડાકે દઈ દેવો છે તેવી ધમકી આપવા લાગેલ હતા. વધુમાં આ શખ્સોં કહેવા લાગેલ કે, રીબડા ચોકડીએ અમે રાહ જોઇને ઉભા હતા અને ત્યાજ મારી નાખવો હતો.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ત્યારબાદ મને જાણવા મળેલ હતું કે, રામકુભાઇએ અમારી સાથે ઝઘડો કર્યા બાદ અરડોઈ ગામના સરપંચ નરશીભાઈ ખોડાભાઈ ગજેરા સાથે અમારા કારખાનામાં પાણીનો ટાંકા નાખવા બાબતે ઝગડો કરીને મોટર સાયકલમાં તોડફોડ કરી હતી. તેમજ રામકુભાઇ ટ્રક-ટ્રેકટર અને કેઈન સહિતના વાહનોનો ધંધો કરતા હોય અને ફરજીયાતપણે અમારા કારખામાં તેમના જ વાહનો ભાડે રાખવા દબાણ કરતા હોય જેની અમે ના પાડી દેતા હુમલો કર્યો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, હાલ આ મામલે કોટડાસાંગાણી પોલીસે રામકુભાઇ માંજરીયા, યુવરાજ, મજબૂત અને બે અજાણ્યા શખ્સોં વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

રાજકોટમાં લઘુમતી અગ્રણી પિતા-પુત્રની હત્યામાં બેલડી તકસીરવાન,૧૯મીએ સજાનુ એલાન

ઘરમાં ઘુસી બંને શખ્સે અંધાધુંધ ગોળીબાર કરતા બંનેના મોત નિપજતા પોલીસે ડબલ મર્ડર કેસમાં ધરપકડ કરી'તી

રાજકોટ, તા.૧૧

રાજકોટમાં રૈયા રોડ ઉપર આવેલ સુભાષનગરમાં ૯ વર્ષ પૂર્વે ઘરમાં ઘુસી લઘુમતી અગ્રણી પિતા-પુત્ર ઉપર અંધાધુંધ ગોળીબાર કરી હત્યા નિપજાવ્યાના ડબલ મર્ડર કેસમાં અદાલતે આરોપી બેલડીને તકસીરવાન ઠેરવ્યા છે. જ્યારે આગામી ૧૯મી માર્ચના રોજ કોર્ટ સજાનો હુકમ સંભળાવશે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં વર્ષ ૨૦૧૫માં રૈયા રોડ ઉપર આવેલ સુભાષનગર-૯મા રહેતા લઘુમતી અગ્રણી ઇલ્યાસખાન પઠાણના ઘરમાં ઘુસી અબ્બાસ અનવર કચરા અને સાજીદ હુસેન કચરાએ અંધાધુધ ગોળીબાર કર્યો હતો જેમાં ગંભીર રીતે ઘવાયેલા લઘુમતી અગ્રણી ઇલ્યાસખાન પઠાણ અને તેના પુત્ર આસિફ પઠાણનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે લઘુમતી અગ્રણી ઇલ્યાસખાન પઠાણના મોટા પુત્ર આરીફને ઇજા પહોંચી હતી જ્યારે સામા પક્ષે અબ્બાસ અનવર કચરાને પણ ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ઘટના અંગે પોલીસે અંધાધૂંધ ફાયરિંગ કરી પિતા પુત્રને મોતને ઘાટ ઉતારનાર આરોપી અબ્બાસ અનવર કચરા અને સાજીદ હુસેન કચરા વિરુદ્ધ હત્યા અને હત્યાની કોશિશ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા બંને આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સ્પે. પીપી દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ અદાલતે લઘુમતી અગ્રણી પિતા-પુત્રના હત્યારા આરોપી અબ્બાસ કચરા અને સાજીદ કચરાને તકસીરવાન ઠેરવતો હુકમ કર્યો છે. જ્યારે બંને આરોપીને કોર્ટ આગામી ૧૯ માર્ચના રોજ સજાનો હુકમ સંભળાવશે તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

રાજકોટ કુખ્યાત સુધા ધામેલીયાના પુત્રને ચાર શખ્સોએ મારમાર્યો

મોટા પુત્રના ડખ્ખામા પડેલા નાના પુત્રને ઋત્વિક ડાભીએ માથામાં પથ્થર ઝીંકી દીધો

, રાજકોટ :કુખ્યાત સુધા ધામેલીયાના પુત્ર પર હુમલાની ઘટના સામે આવી છે. મોટા પુત્રના ડખ્ખામાં વચ્ચે પડેલા નાના પુત્ર સાથે ચાર શખ્સોંએ માર માર્યા બાદ ઋત્વિક ડાભી નામના શખ્સે માથામાં પથ્થર ઝીંકી દેતા મયુર ધામેલીયાને સારવાર અર્થે ખસેડાયો છે.

રૈયા વિસ્તારમાં રહેતી સુધા સુનીલભાઈ ધામેલીયાએ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં બે દીકરા છે. હુ તથા મારો દિકરો મયુરભાઇ અને મારો ભાઈ પ્રદિપભાઈ પરમાર, ઋષિક ઉર્ફે રૂત્વીક ડાભી રાણીમા રૂડીમા ચોક પાસે બેસેલ હતા. તે અરસામા મારો મોટો દિકરો હિતેષ ધામેલીયા કાળા કલરની થાર કાર લઇને આવેલ ત્યારે આ રૂત્વીક ડાભી મારા દિકરાને કહેવા લાગેલ કે, તે મને જોઈને થાર કાર કેમ ઉભી ન રાખેલ? તને કાંઈ હવા આવી ગઇ છે? તેમ કહી મારા દિકરા હિતેષને ગાળો આપવા લાગેલ હતો. જેથી મે ઋત્વિક અને મારા પુત્ર હિતેશને સમજાવી ઘરે મોકલી દીધા હતા. દરમિયાન અન્ય એક્ટિવામાં કમલેશ જીવાભાઈ વારગીયા અને ધ્રુવ ઉર્ફે ધુડીઓ આવેલ હતા. બાદમાં ઋત્વિકે હિતેશને ગાળો આપી તને આજે જાનથી મારી નાખવાનો છે તેવી ધમકી આપતો હતો. દરમિયાન પુત્ર મયુરે ગાળો આપવાની ના પાડતા ઋત્વિકે મયુરને લાફા ઝીંકી દીધા હતા. બાદમાં દરમિયાન ઋત્વિકે બાજુમા પડેલ એક પથ્થર લઇ મારા દિકરા મયુરને માથાના ભાગે જોરથી મારી દીધેલ હતો જેના લીધે લોહી નીકળવા લાગેલ હતું. બાદમાં ઋત્વિક અને પવનભાઈ એક્ટિવામાં બેસાડી મયુરને સરકારી હોસ્પિટલ ખાતે લઇ ગયાં હતા. જ્યારે અન્ય ત્રણ શખ્સોં નાસી ગયાં હતા. હાલ સુધા ધામેલીયાના પુત્રને અમદાવાદ ખાતે સારવાર અર્થે રીફર કરવામાં આવ્યો છે. હાલ મામલામાં યુનિવર્સીટી પોલીસે ઋત્વિક પરેશ ડાભી, સાગર અશોક જોગીયાણી, કમલેશ જીવા વારગીયા અને ધ્રુવ વિરુદ્ધ ગુનો નોંધી

મુળીના સાંગધ્રા ગામની વાડીમાંથી રૂપિયા ૮૧.૯૭ લાખનો દારૂ ઝડપી લેતી એસએમસી

૪૨,૩૦૦ શરાબની બોટલ સહીત રૂ.૮૨.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે, ત્રણની શોધખોળ

સુરેન્દ્રનગર

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે વધુ એકવાર સુરેન્દ્રનગર પંથકમાં દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. મુળી તાલુકાના સાંગધ્રા ગામની સીમમાં આવેલી વાડીમાં સંઘરેલો રૂ. ૮૧.૯૭ લાખની કિંમતનો શરાબનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. ધુળેટી પર્વે સુરેન્દ્રનગર અને મોરબી પંથકમાં શરાબની રેલમછેલ સર્જવા મંગાવેલી ૪૨,૩૦૦ દારૂની બોટલ સહીત રૂ. ૮૨.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વાડી માલિક અને બુટલેગર સહીત ત્રણની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

સુરેન્દ્રનગરના મુળી પંથકમાં દારૂનો મોટો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યાંની સચોટ બાતમી મળી હતી. બાદ ઉચ્ચ અધિકારીઓને જાણ કરી પીએસઆઈ એન એચ ચુડાસમાની ટીમ મુળી પંથકમાં દોડી ગઈ હતી.

એસએમસીની ટીમે મુળી તાલુકાના સાંગધ્રા ગામની સીમમાં હરેશ જેમાભાઈ સારડીયા(રહે. સાંગધ્રા, મુળી, સુરેન્દ્રનગર)ની માલિકીની વાડીમાં દરોડો પાડ્યો હતો. જ્યાંથી એસએમસીને દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. વાડીમાંથી એસએમસીએ દારૂની ૪૨,૩૦૦ બોટલ જેની કિંમત રૂ. ૮૧,૯૭,૯૬૮ ઝડપી લીધો હતો. એસએમસીએ દારૂ, બે વાહન સહીત રૂ.૮૨,૧૭,૯૬૮નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલ વાડી માલિક હરેશ જેમાભાઈ સારદીયા, દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગર અને દારૂ મોકલનાર સપ્લાયર એમ ત્રણ શખ્સોનિ શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર દારૂનો જંગી જથ્થો ધુળેટી પર્વે બજારમાં ઠાલવવા મુંબઈ-ગોવા ખાતેથી મંગાવવામાં આવ્યો હતો. દારૂની સપ્લાય મુળી ઉપરાંત ચોટીલા, હળવદ સહિતના વિસ્તારોમાં કરવામાં આવે તે પૂર્વે જ એસએમસીએ દરોડો પાડીને મોટો જથ્થો કબ્જે કર્યો હતો.

જેતપુર આટલી જ વાર લાગે, યુવકના પેટ પર છરી મૂકી જાનથી મારી નાખવાની ધમકી

પખવાડિયા પૂર્વે લગ્નમાં વિડીયો ઉતારવા બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી ચાર શખ્સોએ ધમકાવ્યાની રાવ

, રાજકોટ :આટલી જ વાર લાગે... જેતપુરમાં પખવાડિયા પૂર્વે થયેલી બોલાચાલીનો ખાર રાખી ચાર શખ્સોએ તલવાર-છરી વડે ધસી આવી યુવકના પેટ પર છરી મૂકી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ જેતપુર તાલુકા પોલીસના ચોપડે નોંધાયો છે.

જેતપુરના દેવકી ગાલોલ દલિત વાસમાં રહેતી ૨૫ વર્ષીય પરણિતા કાજલબેન રાજેશભાઈ ગોવીંદભાઈ ખુમાણએ જેતપુર તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૧૦ માર્ચની રાત્રે સાડા બાર વાગ્યે હું અને મારા પતિ અમારા ઘરે હાજર હતા ત્યારે અચાનક રાત્રે અમારા દરવાજા બહાર ગાળા-ગાળીનો અવાજ આવવા લાગેલ હતો. જેથી હું અને પતિ જાગીને દરવાજો ખોલતા અમારી બાજુમાં રહેતા અમારી જ્ઞાતીના વિમલભાઈ વિનોદભાઈ જાદવ અને તેનો ભાઈ અંકુરભાઇ વિનોદભાઈ જાદવ તેમજ તેમના સાળા ભોલો મકવાણા રહે.વડલી ચોક જેતપુર તથા જીતુ મકવાણા રહે. બોરડી સમઢીયાળા વાળા ચારેય ગાળો બોલતા હતા. આ સમયે ભોલો મકવાણાના હાથમાં તલવાર હતી અને જીતૂ મકવાણાના હાથમાં છરી જેવું હથીયાર હતુ. ઝગડાનો અવાજ થતા મારા સસરા ગોંવીંદભાઇ તથા મારા સાસુ મંજુલાબેન, દિયર નીતીનભાઇ આવી ગયેલ હતા. દરમ્યાન જીતુ મકવાણાએ છરી મારા દિયરના પેટ ઉપર રાખી ધમકી આપેલ કે, આટલી વાર લાગશે. તેવામાં ત્યાં માણસો એકઠા થતા અમારી બાજુમા રહેતા બંન્ને ભાઈઓ તેના ઘરે જતા રહેલા તથા આ ભોલો અને જીતુ ત્યાંથી જતા રહેલ હતા.આજથી પંદેરક દિવસ પહેલા અમારી બાજુમા લગ્ન પ્રસંગમાં આ લોકો વીડીયો ઉતારતા મારા પતિએ વિડીઓ ઉતારવાની ના પાડી હતી. ત્યારથી અમારી બાજુમા રહેતા વિમલ વિનોદભાઈ જાદવા સાથે મન દુખ ચાલ

સુરતમાં નાઈજીરીયન યુવતી પાસેથી ૧.૪૯ કરોડ રૂપિયાનું કોકેન જપ્ત

સુરત,તા.૧૧

સુરતમાં એક નાઈજીરીયન યુવતી પાસેથી ૧.૪૯ કરોડ રૂપિયાના કોકેન જપ્ત કરવાના કેસમાં એક મોટો ખુલાસો થયો છે. કોકેઈનના ગુનામાં એક નાઈજીરીયન છોકરીની અટકાયત બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, વિસ્ફોટક માહિતી મળી કે આ નાઈજિરિયન છોકરીનો વિઝા નકલી હતો.એસએમસીએ નવસારીથી છોકરીને પકડી હતી. યુવતીએ પોતાની નાગરિકતા બતાવવા માટે નકલી વિઝા સ્ટીકરો ચોંટાડ્યા હતા.એસએમસીની તપાસ દરમિયાન નાઈજીરીયન યુવતીનો મામલો પ્રકાશમાં આવ્યો હતો અને ડ્રગ્સની હેરાફેરી ઉપરાંત, નકલી દસ્તાવેજો તૈયાર કરવાનો ગુનો પણ નોંધવામાં આવ્યો છે.

૧૭ ફેબ્રુઆરીના રોજ, નાઈજીરીયન છોકરી માર્ગારેટ નેશનલ હાઈવે પરથી કોકેન સાથે પકડાઈ હતી. એસએમસીને માહિતી મળી હતી કે મોટા પાયે ડ્રગ્સની દાણચોરી થવા જઈ રહી છે. અને આ માહિતીના આધારે એસએમસીએ નવસારી નજીક દેખરેખ રાખી. જ્યારે એક મહિલાનું વર્તન શંકાસ્પદ લાગ્યું, ત્યારે તેને પકડી લેવામાં આવી અને પૂછપરછ કરવામાં આવી. તપાસમાં જાણવા મળ્યું કે તે મહિલા નાઈજિરિયન છોકરી હતી અને તેની પાસેથી ૧૪૯.૫૧૦ ગ્રામ કોકેન મળી આવ્યું હતું. મહિલા પાસે કોકેઈન જેવું પ્રતિબંધિત ડ્રગ હોવાનું અને તે વિદેશી નાગરિક હોવાથી, તેના પાસપોર્ટની તપાસ કરવામાં આવી હતી. નાઈજીરીયન મહિલા પાસે જે પાસપોર્ટ હતો તે નકલી હોવાનું બહાર આવ્યું હતું, એટલે કે પાસપોર્ટ સાથે છેડછાડ કરવામાં આવી હતી. નાઈજીરીયન યુવતીએ ભારતમાં પ્રવેશવા માટે તેના પાસપોર્ટ પર નકલી વિઝા સ્ટીકરો ચોંટાડ્યા હતા. જ્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો, ત્યારે મહિલાનો પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યો. અંતે, નાઈજીરીયન મહિલાના કોની સાથે સંબંધો હતા તે શોધવા માટે પણ તપાસ હાથ ધરવામાં આવી.

મુંબઈ નજીકના મીરા રોડમાં રહેતી એક નાઈજીરીયન મહિલાને કોકેઈનનો જથ્થો આપનારા શખ્સને સ્ટેટ મોનીટકીંગ સેલએ મુંબઈથી ઝડપી લીધો છે. જીસ્ઝ ના અધિકારીઓએ માહિતીને આધારે ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ નાઈજીરીયન મહિલા મારગ્રેટ એની એમજીબુડોમની રૂ. ૧,૪૩,૬૩,૧૦૦ ના કોકેઈનના જથ્થા સાથે ઝડપી લીધી હતી. તેની પાસેથી પોલીસે ૨ મોબાઈલ ફોન, નાઈજીરીયન પાસપોર્ટ તથા રૂ.૨,૧૦૦ રોકડા પણ કબજે કર્યા હતા. તેની પુછપરછમાં તેને કોકેઈનનો જથ્થો નાઈજીરીયન શખ્સ લુક પીટર ઉર્ફે બોય ફેસ ઉર્ફે ઈમાન્યુએલ ચીકાઉબીયાએ આપ્યો હોવાનું બહાર આવ્યું હતું. જેને આધારે એસએમસીના અધિકારીઓની ત્રણ ટીમે નાઈજીરીયન મહિલાને સાથે રાખીને મહારાષ્ટ્રમાં ધામા નાંખ્યા હતા. અંતે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મુંબઈમાં મધુવન, સેલીબ્રિટી હોટેલ નજીકના આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમ સામેથી ઝડપી લીધો હતો. બાદમાં મીરા ભાયંદર પોલીસને જાણ કરીને જરૂરી કાર્યવાહી કરીને નવસારી લવાયો હતો. આરોપીને નવસારી કોર્ટમાં હાજર કરાતા ૪ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મળ્યા હતા. આરોપી પાસેથી પોલીસે એક મોબાઈલ અને રૂ.૧૦,૦૦૦ ની કિંમતનો મુદ્દમાલ કબજે કર્યો હતો. જ્યારે નાઈડીરીયન મહિલાને તે સમયે નવસારી કોર્ટમાં હાજર કરાતા તેને સાત દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મળ્યા હતા.

અમદાવાદની જીએલએસ યુનિવર્સિટીના પ્રોફેસરે વિદ્યાર્થિની પાસે કરી બિભત્સ માંગણી

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ શહેરમાં આવેલી જીએલએસ યુનિવર્સિટીમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે બિભત્સ માંગણી કરતા આખરે કંટાળીને પ્રોફેસર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદ શહેરમાં લો ગાર્ડન વિસ્તારમાં આવેલી જીએલએસ યુનિવર્સિટી કેમ્પસમાં જીએલએસ એસએમપીઆઈસી કોલેજના પ્રોફેસર ચાર મહિનાથી વિદ્યાર્થીને મેસેજ કરી રહ્યા હતા. એટલું જ નહીં, તે વિદ્યાર્થીને પોતાની સાથે આવવા માટે મેસેજ પણ કરી રહ્યો હતો. આનાથી કંટાળીને, વિદ્યાર્થીએ કોલેજમાં ફરિયાદ કરી અને પ્રોફેસર ભાવિક સ્વાદિયાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

અમદાવાદના લો ગાર્ડન નજીક જીએલએસ યુનિવર્સિટી કેમ્પસમાં એસએમપીઆઈસી કોલેજના ત્રીજા વર્ષના વિદ્યાર્થીને પ્રોફેસર ભાવિક નામનું એકાઉન્ટ છેલ્લા ચાર મહિનાથી વોટ્સએપ દ્વારા મેસેજ કરી રહ્યાં હતાં, જેમાં ફોટા અને વીડિયોની બિભત્સ માંગણી કરવામાં આવી હતી અને તેણીને તેની સાથે કોઈ અવાવરૂ જગ્યાએ આવવાનું કહેવામાં આવ્યું હતું. જોકે, વિદ્યાર્થીએ બધા મેસેજને અવગણતી હતી.

આખરે કંટાળીને વિદ્યાર્થિનીએ કોલેજનો સંપર્ક કર્યો હતો. આ પછી પીડિતાએ જણાવ્યું. જ્યારે પણ પ્રોફેસર કોઈ મેસેજ મોકલતા અને વિદ્યાર્થી તે મેસેજ વાંચતો, ત્યારે પ્રોફેસર તરત જ મેસેજ ડિલીટ કરી નાખતા જેથી કોઈ પુરાવા ન રહે. જોકે, વિદ્યાર્થીએ બધા સંદેશાઓના સ્ક્રીન રેકોર્ડિંગ અને સ્ક્રીન શોટ લીધા હતા. તેથી, પ્રોફેસરે સંદેશ મોકલ્યો અને ડિલીટ કર્યો તે સમય પણ આ રેકોર્ડિંગમાં દેખાતો હતો. અને મેસેજ મોકલ્યા પછી, તે મેસેજ ડિલીટ કરતો પણ જોવા મળ્યો. વિદ્યાર્થીએ આ બાબતે કોલેજ પ્રશાસનને સંપૂર્ણ પુરાવા સાથે ફરિયાદ કરી હતી, જોકે શરૂઆતમાં કોલેજે સહકાર આપ્યો ન હતો, પરંતુ ગઈકાલે કોલેજે પ્રોફેસરને સસ્પેન્ડ કરી દીધા હતા.

ટેટ ૧ પાસ ઉમેદવારોની માંગણીઓનો ઉકેલ ન આવતા ગાંધીનગરમાં આંદોલન

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત રાજ્યની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માટે ટેટ-૧ પાસ શિક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા વધારવાની માંગણી સાથે ઉમેદવારોએ આજે ફરી એકવાર ગાંધીનગરના જીવરાજ મહેતા ભવન ખાતે વિરોધ પ્રદર્શન કર્યું. છેલ્લા ઘણા દિવસોથી, ઉમેદવારો સરકાર સમક્ષ પોતાની માંગણીઓ મૂકી રહ્યા છે. પરંતુ, આજ સુધી તેમની માંગણીઓનો કોઈ ઉકેલ ન આવતાં, ઉમેદવારોએ વિરોધ શરૂ કર્યો. આ દરમિયાન પોલીસે ઉમેદવારોને માર માર્યો હતો અને તેમની અટકાયત કરી છે. વિરોધ કરી રહેલા ટેટ-૧ પાસ ઉમેદવારે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં માત્ર ૭ હજારની ભરતી કરવામાં આવી છે. ૨૧ હજાર જગ્યાઓ ખાલી હોવા છતાં, સરકાર ફક્ત ૫ હજારની ભરતી કરી રહી છે. જો ખાલી જગ્યાઓ ખાલી છે તો તમે જ્ઞાન સહાયકોની ભરતી શા માટે કરી રહ્યા છો? આરટીઆઈ માહિતી મુજબ, ૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં કુલ ૨૧,૩૫૪ જગ્યાઓ ખાલી રહેશે. ઉપરાંત, ૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં ૩૩૭૪ શિક્ષકો નિવૃત્ત થશે. જેના કારણે ખાલી જગ્યાઓની સંખ્યામાં વધુ વધારો થશે. આવી સ્થિતિમાં, ફક્ત ૫૦૦૦ જગ્યાઓ પર ભરતી પૂરતી નથી અને તેને વધારવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઉપરાંત, ૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં ૧૬૧૮૧ જગ્યાઓ ખાલી રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૩૧/૧૦/૨૦૨૪ સુધીમાં ૧૭૯૯ શિક્ષકો નિવૃત્ત થશે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે ્ઈ ૧ ઉમેદવારો માટે પૂરતી રોજગાર તકો પૂરી પાડવી જરૂરી છે.

આ વર્ષની ભરતીમાં, હાલમાં કાર્યરત ઉમેદવારોએ ફોર્મ ભર્યું છે, તે ઉમેદવારોને હજુ પણ બેઠકોની અછતનો સામનો કરવો પડશે. નોલેજ આસિસ્ટન્ટ, સ્કૂલ આસિસ્ટન્ટ જેવી અન્ય ડિગ્રી ધરાવતા લોકો માટે પણ ઓછો પગાર મળવાની શક્યતા છે. પરંતુ પીટીસી કરેલા લોકો માટે આવી કોઈ તક નથી. આરટીઆઈ દ્વારા જાહેર થયેલી ખાલી જગ્યાઓને ધ્યાનમાં રાખીને, ધોરણ ૧ થી ૫ સુધી પૂરતી સંખ્યામાં ભરતી કરવી જોઈએ.આરટીઆઈ ડેટાના આધારે ભરતીઓની સંખ્યા ફરીથી નક્કી કરવી જોઈએ. કામચલાઉ મેરિટ અને બેઠકોમાં વધારા વચ્ચે કોઈ સંબંધ નથી, તેથી ઉમેદવારોના હિતને ધ્યાનમાં રાખીને બેઠકોમાં વધારો કરવો જોઈએ. બેઠકો વધારીને તબક્કાવાર ભરતીની પ્રક્રિયા હાથ ધરવી જોઈએ. શિક્ષક-વિદ્યાર્થી ગુણોત્તર જાળવી રાખવોઃ નવી નીતિ મુજબ, શિક્ષક-વિદ્યાર્થી ગુણોત્તર ૧:૪૦ હોવો જોઈએ, જ્યારે પછાત વિસ્તારોમાં તે ૧:૨૯ છે. આને ધ્યાનમાં રાખીને, ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે બેઠકોમાં વધારો કરવો ખૂબ જ જરૂરી છે.

નિર્દોષ પાસેથી રૂપિયા પડાવવાની થતી પ્રવૃત્તિઓ બિલકૂલ ચલાવી લેવાશે નહિઃ ગૃહ રાજ્યમંત્રી

ગાંધીનગર,તા.૧૧

વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર નિવેદન આપતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં એક મહત્વનો નિર્ણય લેવાયો હતો જે અંતર્ગત દર મહિને એક વાર પોલીસ કમિશનર/પોલીસ અધિક્ષક અને પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સંકલનની બેઠક યોજાઈ રહી છે, તેમાં સુરત ખાતે આર.ટી.આઈ કાયદાનો દુરૂપયોગ કરી સામાન્ય નાગરિકોના પૈસા પડાવવામાં આવી રહ્યા હોવાનો એક ગંભીર પ્રશ્ન ધ્યાને આવ્યો હતો. ત્યાર બાદ આર.ટી.આઈ કાયદાનો દુરૂપયોગ કરનાર ચીટર ગેંગના સભ્યોને એક પછી એક પકડી પાડવામાં ગુજરાત પોલીસને સફળતા મળી છે.

મંત્રીએ જણાવ્યુ કે, લોકોમાં જાગૃતતા લાવવા, સરકારી સીસ્ટમમાં ભ્રષ્ટાચાર નિવારવા, પારદર્શકતા લાવવા આર.ટી.આઈનો પવિત્ર કાયદો અમલમાં છે, ત્યારે આ કાયદાનો દુરૂપયોગ કરનાર શખ્સો સામે ગુજરાત પોલીસે રાજ્યભરમાં કુલ ૬૭ ગુનાઓ દાખલ કરી કડકમાં કડક કાર્યવાહી કરી છે, જે એક શરૂઆત છે. આવનારા દિવસોમાં આવા તત્વો સામે હજુ સખતાઈપૂર્વક કાર્યવાહી કરવામાં આવશે. આ કાયદાનો દુરૂપયોગ બિલકૂલ ચલાવી લેવાશે નહિ. ''સુધરી જાવ કે જેલમાં જાવ''ની કડક ચેતવણી ગૃહ રાજ્ય મંત્રીએ વિધાનસભા ગૃહમાંથી રાજ્યમાં આવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્વોને આપી છે.

મંત્રીએ સુરત શહેરમાં બનેલા આવા બનાવો અંગે ઉમેર્યું કે, સુરત શહેરમાં અમુક લેભાગુ તત્વો દ્વારા ઈ્ એકટીવિસ્ટ તથા યુ-ટ્યુબર તરીકે ઈ્ એક્ટ હેઠળ ખોટી-ખોટી અરજીઓ કરી ખોટા સમાચાર છાપી બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિઓને બદનામ કરી ખોટી રીતે હેરાન પરેશાન કરી તેમની પાસેથી બળજબરીપુર્વક પૈસા પડાવતા હોવા અંગેની રજુઆત પોલીસ કમિશ્નરને સંકલન બેઠકમાં મળી હતી. જે અંતર્ગત એસ.ઓ.જી.ને તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા સુચના આપી આવી રીતે હેરાન પરેશાન થયેલા લોકોને પોલીસ સમક્ષ ફરીયાદ આપવા અપીલ કરવામાં આવી હતી. સુરત શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં આર.ટી.આઈ.ની આડ નાણાં પડાવવા અંગેના કુલ-૨૪ ગુનાઓ તેમજ ન્યુઝમાં છાપવાની તેમજ અન્ય રીતે દાબ દબાણ આપી બાંધકામ તોડાવી પાડવાની ધમકી આપી નાણાં પડાવવા અંગેના કુલ–૧૭ ગુનાઓ એમ ૫૦ આરોપીઓ સામે કુલ-૪૧ ગુનાઓ દાખલ થયા છે.

મોરબીના ઘૂટું ગામ નજીક રોડના કામમાં નડતરરૂપ દબાણો પર સરકારી બુલડોઝર ફરી વળ્યું



(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૧૧ઃ

ઘૂટું ગામ પાસે રોડનું કામ ચાલી રહ્યું છે જે રોડના કામમાં નડતરરૂપ દબાણો હટાવવામાં આવ્યા હતા દબાણો હટાવવાની કામગીરીમાં ધાર્મિક સ્થળ તોડી પાડવામાં આવતા રોષ જોવા મળ્યો હતો

મોરબી તાલુકાના ઘૂટું ગામ નજીક આજે દબાણ હટાવો કામગીરી કરવામાં આવી હતી રોડના કાઠે બનેલ બાપા સીતારામ મઢુલી અને તેની આસપાસનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું તે ઉપરાંત અન્ય નાના મોટા દબાણો તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી રોડનું કામ ચાલતું હોવાથી નડતરરૂપ દબાણો દુર કર્યા હતા

ઘર બહાર દોડી આવ્યા રાપર-ભચાઉના લોકો

કચ્છમાં એક જ દિવસમાં ભૂકંપના બે આંચકા અનુભવાયા

કચ્છ,તા.૧૧

ગુજરાતના કચ્છ જિલ્લામાં મંગળવારે (૧૧ માર્ચ) ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ અનુસાર, પહેલો ભૂકંપ સવારે ૧૧:૧૨ વાગ્યે આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૦ નોંધાઈ હતી. તેનું કેન્દ્ર ગાંધીનગરના રાપરથી ૧૬ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમમાં હતું. જેની એક મિનિટ પહેલા, ૨.૮ની તીવ્રતાનો બીજો ભૂકંપનો આંચકો અનુભવાયો, જેનું કેન્દ્ર ભચાઉના ઉત્તર-ઉત્તર-પૂર્વમાં હતું. ભૂકંપના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને તાત્કાલિક ધોરણે ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના ઝટકાની તુરંત બાદ તંત્રએ સાવચેતી વધારી દીધી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કોઈ જાનહાનિ કે માનહાનિ નોંધાઈ નથી. તેમ છતાં તંત્રએ સંવેદનશીલ વિસ્તારમાં ટીમ તૈનાત કરી દીધી છે. જેથી કોઈપણ આપાતકાલીન સ્થિતિનો સામનો કરી શકે. આ સિવાય તંત્ર દ્વારા સ્થાનિક લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે અને કોઈપણ અનિચ્છનીય સ્થિતિમાં તંત્રને તુરંત સૂચના આપવામાં આવે. કચ્છ જિલ્લો ભૂકંપની દૃષ્ટિએ જોખમી વિસ્તારમાંથી એક છે. અહીં ઘણીવાર હળવા અને મધ્યમ તીવ્રતાના ભૂકંપ નોંધાતા રહે છે. વૈજ્ઞાનિકોના મતે, આ વિસ્તાર ભૂકંપની દૃષ્ટિએ સંવેદનશીલ છે જેના કારણે અહીં સમયાંતરે ભૂકંપના આંચકા અનુભવાય છે.

ઓપન સૌરાષ્ટ્ર પ્રતિભાશોધ ગુજકેટ-૨૦૨૫

ધોરણ ૧૨ (સાયન્સ)ના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરિક્ષાની તૈયારી કરવાની અમુલ્ય તક

રાજકોટ તા.૧૧ઃ

સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સ્વનિર્ભર ડીગ્રી ઈજનેરી કોલેજ તથા ભારતની બેસ્ટ એન્જીનીયરીંગ કોલેજના રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત, પ્રમાણિકતા-પારદર્શકતાના પર્યાયરૂપ વી.વી.પી. ઈજનેરી કોલેજ દ્વારા આગામી તારીખ ૧૭/૦૩/૨૦૨૫ના રોજ સવારે ૧૦૦૦ કલાકે ''ઓપન સૌરાષ્ટ્ર પ્રતિભાશોધ ગુજકેટ-૨૦૨૫'' ઓનલાઈન મોક ગુજકેટ પરિક્ષાનુ આયોજન કરેલું છે જેની લીંક વર્ષિતઃ//બશર્ષિ.હુ/ ઝ્રલીષભયરિં૭૦૩૨૦૨૫૧૭૦૩૨૦૨૫ તેમજ તારીખ ૨૦/૦૩/૨૦૨૫ના રોજ સવારે ૧૦૦૦ કલાકે ''ઓપન સૌરાષ્ટ્ર પ્રતિભાશોધ ગુજકેટ-૨૦૨૫'' ઓનલાઈન મોક ગુજકેટ પરિક્ષાનુ આયોજન કરેલું છે જેની લીંક વર્ષિતઃ//બશર્ષિ.હુ/ દ્દલીષભયરિં૦૦૩૨૦૨૫ આ મુજબ છે. આ એમસીક્યુ ટેસ્ટના પ્રશ્નપત્રો નિષ્ણાંત અને અનુભવી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ છે.ગુજરાત બોર્ડ દ્વારા ગુજકેટ પરિક્ષાનો એક્શન પ્લાન જાહેર થયેલ છે, જે અનુસંધાને આગામી તારીખ ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ ''એ ગૃપ, બી ગૃપ તથા એબી ગૃપ'' ના કુલ ૧,૧૧,૩૮૪ ગુજરાત બોર્ડના તથા અન્ય બોર્ડના સાયન્સના વિદ્યાર્થીઓ કે જેઓ ગુજકેટની પરિક્ષા આપવા જઈ રહ્યા છે તેઓને વી.વી.પી. ઈજનેરી કોલેજ દ્વારા લેવામાં આવતી મોક ગુજકેટ પરિક્ષા એમની ગુજરાત બોર્ડ દ્વારા લેવામાં આવતી ગુજકેટ પરિક્ષા આપવામાં ખુબજ સારો મહાવરો થઈ શકશે અને એમને વિષયવાર પરિક્ષાની તૈયારી કરવામાં પણ ઉપયોગી થશે.વિદ્યાર્થી પોતાના ગ્રુપ એટલે કે એ અથવા બી તેમજ પરિક્ષાનાં માધ્યમ એટલે કે ઈંગ્લીશ અથવા ગુજરાતી મુજબ યોગ્ય લીંક પર ક્લીક કરી પરિક્ષા આપી શકશે.આ એમસીક્યુ ટેસ્ટની સફળતા માટે વી.વી.પી. ઈજનેરી કોલેજના આચાર્ય શ્રી ડૉ. પિયુષભાઇ વણઝારાના માર્ગદર્શન હેઠળ ડો. અલ્પેશભાઇ આડેસરા, પ્રો. નિર્મલ ભલાણી, ડૉ. સુશીલ કોરેગાઉંકર, ડો. પંકજભાઇ સોલંકી,પ્રો. સકેત પંડ્યા, પ્રો. વિજય વ્યાસ, ડૉ. કિરીટ કાલરીયા, પ્રો. રવીન સરધારા, પ્રો. કોમિલ વોરા, પ્રો. અમિત પાઠક, પ્રો. શ્રેયસ ધુલિયા, પ્રો. જયદિપભાઇ ભડેરી, શ્રી ધીરેન્દ્રસિંહ જાદવ, શ્રી પરેશભાઈ પટેલ, શ્રી દીપેનભાઈ વ્યાસ,શ્રી અજીતભાઈ રાઠોડ તથા સમગ્ર કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

વાંકાનેર સીટી પોલીસે અરજદારોના ખોવાયેલા ૨.૯૪ લાખના ૧૧ મોબાઈલ પરત સોંપ્યા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૧૧ઃ

વાંકાનેર સીટી પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પોર્ટલના ઉપયોગથી આશરે ૨.૯૪ લાખની કિમતના ૧૧ ખોવાયેલ મોબાઈલ શોધી કાઢી અરજદારોને પરત આપ્યા હતા નાયબ પોલીસ અધિક્ષક એસ એચ સારડા અને વાંકાનેર સીટી પીઆઈ એચ એ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ દલસાણીયાએ પોર્ટલનો ઉપયોગ કરી એન્ટ્રી કરી સતત મોનીટરીંગ રાખી ટેકનીકલ વર્ક આઉટ કરી અરજદારોના ખોવાયેલા ૧૧ મોબાઈલ શોધી કાઢવામાં સફળતા મળી છે એપલ કંપનીનો આઈ ફોન, વન પ્લસ, વિવો, સેમસંગ, ઓપ્પો સહિતની કંપનીના ૨,૯૪,૬૮૮ ની કિમતના ૧૧ મોબાઈલ શોધી કાઢી અરજદારોને પરત આપી પોલીસ પ્રજાની મિત્ર છે ઉક્તિને સાર્થક કરી હતી

ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજે કરેલી બદનક્ષીની ફરિયાદમાં વિધાનસભા વિપક્ષના પૂર્વ નેતા સુખરામ રાઠવા કોર્ટ સમક્ષ હાજર

સહારાની જમીનમાં હેતુફેર કરવા માટે ભલામણ કરી ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ કરાતા કોંગીના ધારાસભ્યો સહિત ચાર સામે માનહાનીનો દાવો કર્યો હતો

રાજકોટ તા.૧૧ઃ

રાજકોટના પ્રદેશ ભાજપ અગ્રણી નીતીનભાઈ ભારદ્વાજ સામે સહારાની જમીનમાં હેતુફેર કરવા માટે ભલામણ કરવા ભ્રષ્ટાચાર આચર્યો હોવાના મીડિયા અને અખબારી નિવેદનો દ્વારા આક્ષેપો કરનાર કોંગ્રેસના (૧) ગાંધીનગર વિધાનસભા વિરોધ પક્ષના કાર્યાલયના અંગત મદદનીશ (૨) સુખરામભાઈ રાઠવા, (૩) શૈલેષભાઈ પરમાર, (૪) સી.જે.ચાવડા સામેના બદનક્ષી કેસમાં અદાલતમાં પ્લી નોંધવા હાજર ન રહેતા કોર્ટે આરોપીઓ સામે તારીખ ૧૩ માર્ચે હાજર થવા જામીનપાત્ર વોરંટ કાઢ્યું છે, જેમાં કોંગી આગેવાન સુખરામ રાઠવા આજે કોર્ટ ખાતે હાજર રહી જામીનપાત્ર વોરંટ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગેની હકીકત મુજબ, અલગ અલગ અખબારી મીડિયાના અહેવાલોમાં વિરોધ પક્ષના નેતાના કાર્યાલયમાંથી આરોપી વિરોધપક્ષના નેતા કોંગ્રેસના આગેવાન સુખરામભાઈ રાઠવા, વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના દંડક સી.જે.ચાવડા તેમજ વિરોધપક્ષના નેતાના અંગત મદદનીશ દ્વારા પ્રેસનોટ પ્રસારીત કરી સહારા કંપનીની જમીનમાં ઝોન ફેર કરીને રૂપીયા ૫૦૦ કરોડથી વધુ રકમનું કૌભાંડ આચર્યા હોવાના આક્ષેપો ફરીયાદી નીતીનભાઈ વિરૂધ્ધ કરેલ હતા.

જેના અનુસંધાને ફરીયાદી નીતીનભાઈએ ઉપરોકત તમામ વ્યકિતઓને લીગલ નોટીસ મોકલી ખોટા આક્ષેપો કરવા બદલ અને જુઠાણું ફેલાવવા બદલ માફી માંગવા જણાવેલ હતું. જે લીગલ નોટીસનો કોઈ જવાબ ન આવતા ચારેય કોંગ્રેસના આગેવાનો વિરૂધ્ધ ફરીયાદી નીતીનભાઈએ રાજકોટની કોર્ટમાં બદનક્ષી અંગેની ફોજદારી ફરીયાદ દાખલ કરી હતી. ફરિયાદી નીતીનભાઈએ એડવોકેટ અંશ ભારદ્વાજ મારફત પોતાની કોર્ટ રૂબરૂની ઉપરોકત હકિકતોવાળી ફરીયાદ દાખલ કરતા નીચેની કોર્ટે ફરીયાદી નીતીનભાઈ અને બે સાહેદોને તપાસેલ હતા.

તમામ કાર્યવાહીના અંતમાં નીચેની કોર્ટે ફરીયાદ પરત કરેલ હતી. જે હુકમ વિરૂધ્ધ ફરીયાદી દ્વારા સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી હતી, જે રિવિઝન અરજીમાં સેશન્સ કોર્ટે નીચેની કોર્ટનો હુકમ સેટે-સાઈડ કરી ફોજદારી ઈન્ક્વાયરી કાયદા મુજબ ચલાવવાનો હુકમ કરેલ હતો. જેમાં કોર્ટે તમામ આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરી તેઓને કોર્ટમાં હાજર થવા હુકમ ફરમાવેલ હતો. પરંતુ તે બાદ ઘણી મુદ્દતો વીતી જતા હાલના આરોપીઓ કોર્ટમાં હાજર થયેલ ન હતા.

કોડીનાર તાલુકા અને શહેર યુવા બ્રહ્મસમાજની થઈ રચના

બ્રહ્મસમાજનાં વિકાસ અને પ્રગતિ માટે કાર્ય કરશે યુવાનો

(દિનેશ જોશી દ્વારા)

કોડીનાર તા ૧૧ઃ

ગીર સોમનાથ જિલ્લા બ્રહ્મસમાજ પ્રમુખ તુષારભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને કોડીનાર ખાતે બ્રહ્મસમાજની અગત્યની બેઠક મળી હતી.આ બેઠકમાં કોડીનાર તાલુકા અને શહેર બ્રહ્મસમાજનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજનાં વિકાસ અને શિક્ષણ,વ્યાપાર અને સામાજિક કામગીરી સંદર્ભે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. કોઈપણ સામાજિક કાર્યમાં યુવા શકિતનું અનેરૂ યોગદાન હોય છે.આથી યુવા બ્રહ્મસમાજની કારોબારીની રચના કરવામાં આવી હતી.બ્રહ્મ વડીલોનાં આશીર્વાદ સાથે કોડીનાર તાલુકા યુવા બ્રહ્મસમાજની રચના કરવામાં આવી હતી.જેના પ્રમુખ પદે નિડર, નિષ્ઠાવાન,હર હંમેશ સમાજનાં કાર્યમાં ખડે પગે રહેનાર બાહોશ યુવાન પાર્થભાઈ પુરોહિતની તથા ઉપપ્રમુખ પદ પર શાંત, શાલીન અને હંમેશા સમાજ માટે ચિંતિત એવા જયદીપભાઈ પંડ્યાની વરણી કરવામાં આવી હતી.આ બંને યુવાનોની રાહબરી નીચે વિવિધ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી જેમાં હિમાંશુ જાની - મહામંત્રી,હાર્દિક જોશી - સંગઠન મંત્રી,કેવમ સ્માર્ટ - મંત્રી,દેવ પુરોહિત - ખજાનચી તેમજ કરણ પુરોહિત,રવિ ચટ,હર્ષ પંડ્યા,નિશાંત જોશી,સમીર જોશી, કૃષ્ણપ્રસાદ જાની,ધર્મેશ પાઠક આ તમામની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી.આ તકે બ્રહ્મસમાજના મહાનુભાવો બીપીનભાઈ ઉપાધ્યાય, બીપીનભાઈ જાની,ડો. રાજેશ ઉપાધ્યાય,આર્કિટેક્ટ બીરેન્દ્ર પાંડે,મુકેશભાઈ મહેતા,કુલદીપભાઈ પાઠક,જીજ્ઞેશભાઈ પાઠક,ભરતભાઈ જોશી સહિતનાં બ્રહ્મ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ કલેકટર કચેરી ખાતે આજે લેન્ડગ્રેબીંગની બેઠક

રાજકોટ, તા.૧૧

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે તા.૧૨ ને બુધવારના રોજ સવારના ૧૧ કલાકે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને લેન્ડગ્રેબીંગની બેઠક આયોજીત કરવામાં આવી છે જેમાં ૯૭ જેટલા કેસો મુકવામાં આવેલ છે.

આ બેઠકમાં ૨૫ જેટલા અરજદારોને રૂબરૂ સુનાવણી માટે ઉપસ્થિત રહેવા કલેકટર તંત્ર દ્વારા તેડુ મોકલવામાં આવેલ છે. લેન્ડગ્રેબીંગ કમીટીની આ બેઠકમાં સરકારી જમીનો પર પેશકદમી અને ખાનગી મિલ્કતો પચાવી પાડનારાઓ સામે કાયદાનો શિકંજો કસવામાં આવશે. રાજ્ય સરકારની નવી ગાઈડલાઈન મુજબ કલેકટર તંત્ર દ્વારા આવતીકાલ આ બેઠક યોજવામાં આવી છે. જેમાં કમીટીના તમામ મેમ્બરોએ ઉપસ્થિત રહેવુ ફરજીયાત કરવામાં આવેલ છે.

રાજકોટ રેલ્વે ડિવિઝન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉત્સાહભેર ઉજવણી

રાજકોટ તા.૧

અભિનેત્રી રાન્યાના આઈપીએસ પિતા રામચંદ્ર રાવ સામે તપાસના આદેશ

બેંગ્લુરૂ,તા.૧૧

અભિનેત્રી રાણ્યા રાવ સાથે જોડાયેલા સોનાની દાણચોરીના કેસમાં સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. હવે કર્ણાટક સરકારે એરપોર્ટ પર પ્રોટોકોલ સુવિધાઓના દુરુપયોગ અને આ કેસમાં આઈપીએસ અને રાણ્યાના સાવકા પિતા રામચંદ્ર રાવની ભૂમિકાની તપાસનો આદેશ આપ્યો છે. અધિક મુખ્ય સચિવ ગૌરવ ગુપ્તાને તપાસની જવાબદારી સોંપવામાં આવી છે અને તેમને ૧ અઠવાડિયામાં રિપોર્ટ સુપરત કરવા કહેવામાં આવ્યું છે.



સરકારી આદેશમાં કહેવામાં આવ્યું છે કે ગયા અઠવાડિયે મીડિયા અને અખબારોમાં પ્રકાશિત થયેલા અહેવાલો અનુસાર, અભિનેત્રી રાણ્યા રાવને દુબઈથી બેંગલુરુમાં ગેરકાયદેસર રીતે સોનાની દાણચોરી કરવાનો પ્રયાસ કરતી વખતે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સના અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, અહેવાલો બહાર આવ્યા છે કે આરોપી રાણ્યા રાવે આ ગેરકાયદેસર કૃત્ય કરવા માટે એરપોર્ટ પર વીઆઈપી પ્રોટોકોલ સુવિધાઓનો દુરુપયોગ કર્યો હતો. વધુમાં, તેમણે કર્ણાટક રાજ્ય પોલીસ હાઉસિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશનના પોલીસ મહાનિર્દેશક તરીકે પણ સેવા આપી છે અને તેમના પિતા, ડૉ. કે. રામચંદ્ર રાવે આઈપીએસ નામનો ઉપયોગ કરીને ઉચ્ચ-સ્તરીય પ્રોટોકોલ સેવાઓનો લાભ મેળવ્યો. આમ, તેઓએ સુરક્ષા તપાસ ટાળીને દાણચોરી કરી. આ ગંભીર આરોપોને ધ્યાનમાં લેતા, કર્ણાટક સરકાર નીચેના મુદ્દાઓની તપાસ કરવાનું જરૂરી માને છે: ૧. પ્રોટોકોલ સુવિધાઓના દુરુપયોગ માટેના સંજોગો અને કારણો. ૨. આ કિસ્સામાં ડૉ. કે. રામચંદ્ર રાવ,આઈપીએસની ભૂમિકા.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં રાખીને, કર્ણાટક સરકારે આ બાબતની તપાસ કરવા માટે અધિક મુખ્ય સચિવ ગૌરવ ગુપ્તા,આઈએએસને તપાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કેઆ તપાસ તાત્કાલિક શરૂ કરવામાં આવે અને એક અઠવાડિયાની અંદર રિપોર્ટ સુપરત કરવામાં આવે.

આ સાથે, સરકારે પ્રોટોકોલ દુરુપયોગ કેસમાં સીઆઈડી તપાસના આદેશો પણ જારી કર્યા છે. રાણ્યા રાવને એસ્કોર્ટ કરી રહેલા પોલીસકર્મીઓએ પ્રોટોકોલનું ઉલ્લંઘન કર્યું છે કે કેમ તેની તપાસ સીઆઈડી કરશે. આ કેસમાં સંબંધિત પોલીસ સ્ટેશનની ભૂમિકા શું હતી અને શું પોલીસકર્મીઓએ તેમની ફરજો યોગ્ય રીતે બજાવી ન હતી?

થલાપતિ વિજય સામે ફરિયાદ દાખલ, એક દિવસના ઉપવાસ અને ઈફ્તાર પાર્ટી બાદ વિવાદ વધ્યો

ચેન્નાઈ,તા.૧૧

દક્ષિણ અભિનેતા થલાપતિ વિજય હવે એક રાજકારણી પણ છે. તાજેતરમાં, રમઝાનના પવિત્ર મહિનાની શરૂઆતમાં, તેમણે એક દિવસનો ઉપવાસ રાખ્યો અને ઈફ્તાર પાર્ટીનું આયોજન કર્યું. તે સમયે ચાહકોએ તેમની ખૂબ પ્રશંસા કરી હતી. પરંતુ હવે અભિનેતા ખૂબ જ મુશ્કેલીમાં છે. થલાપતિ વિજય વિરુદ્ધ ચેન્નાઈ પોલીસ કમિશનર ઓફિસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે ઈફ્તાર કાર્યક્રમ દરમિયાન મુસ્લિમ સમુદાયનું અપમાન કરવામાં આવ્યું હતું.માહિતી અનુસાર, ફરિયાદ નોંધાવનાર તમિલનાડુ સુન્નત જમાતે ધાર્મિક વિધિમાં દારૂડિયાઓ અને ગુંડાઓની ભાગીદારી સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. દાવો કર્યો કે આનાથી પ્રસંગની પવિત્રતાનું અપમાન થાય છે. આ કાર્યક્રમે સદ્ભાવનાને પ્રોત્સાહન આપવાને બદલે સમુદાયને નુકસાન પહોંચાડ્યું છે. થલાપતિ વિજયે ચેન્નાઈમાં ઈફ્તાર પાર્ટી અને એક દિવસનો ઉપવાસ રાખ્યો, ફોટો-વિડિયો જોયા પછી લોકોએ કહ્યું- હવે તેની ફિલ્મ જોવાનું બંધ કરો

અહેવાલ મુજબ, તમિલનાડુ સુન્નત જમાતે ભૂતકાળની ખરાબ ઘટનાઓના ઉદાહરણો પણ આપ્યા હતા. વિજય થલાપતિની જેમ, તેમનું પહેલું રાજકીય રાજ્ય પરિષદ વિક્રાવંડીમાં યોજાયું હતું. ત્યાં સુવિધાઓના અભાવે લોકો તરસથી પીડાતા હતા.આવી ઘટનાઓ ફરી ન બને તે માટે કાનૂની કાર્યવાહી જરૂરી હોવાનું કહેવામાં આવ્યું હતું. આ ફરિયાદ પ્રચાર માટે નથી પરંતુ ભવિષ્યના કાર્યોમાં માન અને પ્રતિષ્ઠા જાળવવા માટે છે. તે જાણીતું છે કે થલાપતિ વિજયના પિતા ખ્રિસ્તી છે અને માતા હિન્દુ છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, થલાપતિ વિજયની આગામી ફિલ્મ 'જાન નાયકન' છે. તેનું દિગ્દર્શન એચ વિનોથ કરી રહ્યા છે. તેમાં ઘણી બધી એક્શન અને રાજકીય ડ્રામા હશે. તેમાં પૂજા હેગડે જોવા મળશે. બોબી દેઓલ, પ્રકાશ રાજ, પ્રિયામણી સહિત ઘણા સ્ટાર્સ છે.

આઈપીએલ ૨૨ માર્ચથી, સમયપત્રક જાહેર: પહેલા ત્રણ દિવસમાં ચાર મેચ રમાશે

મુંબઈ,તા.૧૧

ઈન્ડિયન પ્રીમિયર લીગ એટલે કે આઈપીએલ ૨૦૨૫ ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ટીમ કેમ્પ ગોઠવવામાં આવે છે, જ્યાં ખેલાડીઓ ઈવેન્ટ માટે તૈયારી કરી રહ્યા છે. દુનિયાભરના પ્રખ્યાત ખેલાડીઓ થોડા જ દિવસોમાં આ સૌથી મોટી ક્રિકેટ લીગમાં રમતા જોવા મળશે. બીસીસીઆઈએ ઘણા સમય પહેલા આઈપીએલનું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કર્યું હતું. પણ કદાચ તમે ભૂલી ગયા હશો, તેથી તમારી સુવિધા માટે, ફરી એકવાર આખી સીઝનનું સમયપત્રક જુઓ અને તેને નોંધી લો. પહેલા ત્રણ દિવસમાં ફક્ત ચાર આઈપીએલ મેચ રમાશે.

આઈપીએલ ૨૨ માર્ચથી શરૂ થવા જઈ રહી છે. પ્રથમ દિવસે, કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમો એકબીજા સામે ટકરાશે. આ મેચ કોલકાતામાં રમાશે. પહેલો દિવસ શનિવાર છે, પરંતુ આ દિવસે ફક્ત એક જ મેચ રમાશે. આ પછી રવિવારે ડબલ હેડર છે. એટલે કે આ દિવસે બે મેચ રમાશે. દિવસની મેચ હૈદરાબાદમાં યોજાશે, જ્યાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ એકબીજા સામે ટકરાશે, જ્યારે સાંજે ચેન્નાઈ સુપર કિંગ્સ ચેન્નાઈમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે. આ પછી, સોમવારે પણ ફક્ત એક જ મેચ રમાશે. આ દિવસે દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ ટકરાશે. આ મેચ વિશાખાપટ્ટનમમાં રમાશે. એટલે કે પહેલા ત્રણ દિવસમાં ફક્ત ચાર મેચ થશે.

આઈપીએલ ૨૦૨૫નો લીગ તબક્કો ૧૮ મે સુધી રમાશે. આ દિવસે રવિવાર છે અને આ દિવસે પણ ડબલ હેડર હશે. છેલ્લી લીગ મેચ સાંજે લખનૌ સુપર જાયન્ટ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે. આ પછી ૧૯મી તારીખે કોઈ મેચ નહીં હોય. પ્લેઓફ મેચો ૨૦ મેથી શરૂ થશે. આનો અર્થ એ થયો કે પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેલી ચાર ટીમો આગળ વધશે અને બાકીની છ ટીમોની સફર સમાપ્ત થશે. ફાઈનલ મેચ ૨૫ મેના રોજ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાશે. આ દિવસ અને રાતના મેચમાં આઈપીએલનો નવો ચેમ્પિયન નક્કી થશે.

રિલાયન્સ ઈન્ડ. દ્વારા દ્વારકાના પદયાત્રીઓની સેવા માટે પ્રતિ વર્ષની માફક સેવાયજ્ઞ યોજાયો

ભોજન- વિશ્રામ- તબીબી જરૂરિયાતો માટેની શ્રેષ્ઠ વ્યવસ્થાથી શ્રદ્ધાળુઓ પ્રસન્ન

(નયના દવે દ્વારા)

જામનગર તા.૧૧:

હોળી ધુળેટી નિમિત્તે જગત મંદિર દ્વારકા ખાતે યોજાતા ફુલડોલ ઉત્સવમાં સામેલ થવા સમગ્ર ગુજરાત અને રાજ્ય બહારથી મોટી સંખ્યામાં ભાવિકો પદયાત્રા કરીને દ્વારકા આવતા હોય છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શનમાં પ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષે પણ દ્વારકા જવાના રસ્તા પર તારીખ ૬ માર્ચથી રિલાયન્સ ટાઉનશીપની સામે પદયાત્રી સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં પદયાત્રીઓ માટે ભોજન- પ્રસાદ, ચા -કોફી નાસ્તાની સુવિધા ઉપરાંત ડોક્ટર અને દવા સાથેની તબીબી સારવાર અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. ભાઈઓ તથા બહેનો માટે અલગ અલગ વિશ્રામની વ્યવસ્થા, ટોયલેટની સુવિધા તથા મોબાઇલ ચાર્જિંગની સગવડનું પણ અહીં આયોજન થયું હતું. રાત્રે અંધારામાં પદયાત્રા ચાલુ રાખનારા ભાવિકોને સંભવિત અકસ્માત રોકવા માટે તેમના સામાન પર કે અન્યત્ર રિફ્લેક્ટર લગાવી આપવામાં આવ્યાં હતાં, જેનાથી પાછળથી આવતા વાહનચાલકો સચેત રહે.

છેલ્લા એકાદ દશક કરતાં વધુ સમયથી નિયમિત રીતે યોજાતા આ કેમ્પમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના કર્મચારીઓ ઉપરાંત આસપાસના ગામોના યુવાનો, વડીલો તથા બહેનો સતત ૨૪ કલાક પોતાના સમયદાનની સેવા આપીને બધાની તીર્થયાત્રા સલામત રીતે પરિપૂર્ણ નીવડે તેવા પૂરતા પ્રયાસો કરે છે. ઉલ્લેખનીય છે કે રિલાયન્સ દ્વારા આયોજિત આ પદયાત્રી સેવા કેમ્પનો ચાલુ વર્ષે અંદાજે સવા લાખ કરતાં ભાવિક ભક્તજનોએ લાભ લીધો હતો.

આરોગ્ય કર્મીઓની ૧૭મીથી અચોક્કસ મુદતની હડતાલ

રાજકોટ, તા.૧૧:ગુજરાત રાજ્ય પંચાયત વિભાગ વર્ગ-૩ ના આરોગ્ય વિભાગના કર્મચારીઓનો ટેકનિકલ કેડરમાં સમાવેશ કરવા, ગ્રેડ-પે ખાતાકીય પરીક્ષા રદ સહિતના નાણાંકીય અને વહીવટી પડતર પ્રશ્નો બાબતે વારંવાર સરકારમાં રજુઆત કરવા છતા કોઈ ઉકેલ આવ્યો નથી. જેથી રાજ્ય સંઘ દ્વારા ચોક્કસ મુદતની હડતાલનો નિર્ણય લેવાયો છે. કચ્છ જિલ્લા જાહેર આરોગ્ય કર્મચારી મંડળ દ્વારા તમામ તાબાના કર્મચારીઓને આગામી ૧૭ માર્ચ સોમવારથી અચોક્કસ મુદતની હડતાલમાં જવા માટે સૂચના આપવામાં આવી છે. આ બાબતે કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા એસપીને પત્ર પાઠવી જાણ કરાઈ હોવાનુ જાણવા મળ્યું છે.

હજુ છ દિવસ હીટવેવની સંભાવના

શહેરીજનો માટે મનપાએ ગાઈડલાઈન કરી જાહેર

રાજકોટ, તા.૧૧

હવામાન વિભાગ દ્વારા મહાપાલિકાને મળેલ માહિતી મુજબ આવનારા સમાહમાં તાપમાન આ મુજબ રહેવાની શક્યતા છે. તા.૧૧-૩ ના ૮:૩૦ કલાકથી તા.૧૭-૩ ના ૮:૩૦ કલાક સુધી શુષ્ક હવામાન રહેવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

આ ઉપરાંત અતિશય ગરમી હીટવેવ માટે શહેરની જાહેર જનતાને આરોગ્ય વિભાગ ખાસ તકેદારી લેવા આરોગ્યલક્ષી સલાહ આપવામાં આવે છે.

હાઈડ્રેટેડ રહો, જ્યારે પણ શક્ય હોય ત્યારે પુરતુ પાણી પીઓ. મુસાફરી કરતી વખતે પીવાનુ પાણી સાથે રાખો. ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ઓઆરએસ)અને લીંબુ પાણી, છાસ લસ્સી જેવા ઘરે બનાવેલા પીણાઓનુ સેવન કરો. બપોરે બહાર હોવ ત્યારે વધુ મહેનતવાળી પ્રવૃતિઓ ટાળો. ખુલ્લા પગે બહાર ન જાવ, દિવસના સૌથી ગરમ સમય દરમ્યાન રસોઈ કરવાનુ ટાળો તેમજ રસોઈ વિસ્તારમાં હવાની પુરતી અવરજવર થાય તે માટે દરવાજો અને બારીઓ ખુલ્લી રાખો. આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંક્સ અથવા વધુ પ્રમાણમાં ખાંડવાળા પીણા ટાળો જે શરીરને વધુ પ્રવાહીની ખોટ તરફ દોરી જાય છે અથવા પેટમાં દુ:ખાવો થઈ શકે છે. વધુ પ્રોટીનવાળો ખોરાક ટાળો અને વાસી ખોરાક ન ખાઓ, પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પ્રાણીઓને એકલા રાખશો નહીં. વાહનની અંદરનુ તાપમાન જોખમી બની શકે છે. જો ઉપરોક્ત લક્ષણો દેખાય તો તરત જ નજીકના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સરકારી હોસ્પિટલ ખાતે જઈ તબીબી સલાહ લેવી અને ઈમરજન્સીમાં ૧૦૮ નો સંપર્ક કરવો તેમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

હિટવેવ સામે રક્ષણ મેળવવા વાહન ચાલકોએ હેલ્મેટ પહેરવી જરૂરી

રાજકોટ, તા.૧૧

રાજયના પોલીસવડાએ નાગરીકોની સુરક્ષાને ધ્યાને લઈ દરેક ટુ-વ્હીલર ચાલકો માટે ફરજીયાત હેલ્મેટની અમલવારી કરવાનો એક પરિપત્ર જારી કર્યો છે. તેને આવકારતા હેલ્મેટના આગ્રહી અને હેલ્મેટનુ જાગૃતિ અભિયાન ચલાવતા સામાજીક અગ્રણી રાજુ જુંજાએ ઉનાળામાં હીટવેવથી બચવા દરેક નાગરીકે હેલ્મેટ પહેરવા અપીલ કરી છે.

ટુ-વ્હીલર ચાલકો માટે હેલ્મેટ સુરક્ષા પુરી પાડે છે. અકસ્માત સમયે માથામાં ગંભીર ઈજાથી બચી શકાય છે. ઉનાળામાં હીટવેવ સામે રક્ષણ આપે છે. શિયાળામાં ગરમ ટોપીને બદલે હેલ્મેટ પહેરવાથી રક્ષણ મળે છે. ચોમાસામાં પણ વરસાદ સામે રક્ષણ આપે છે. આમ દરેક ઋતુમાં પણ હેલ્મેટ વરદાનરૂપ છે. માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુમાં હેલ્મેટ ન પહેરવાને કારણે મૃત્યુ થવાનું પ્રમાણ વધુ હોય છે. જેથી સુરક્ષાની દ્રષ્ટિએ દરેક નાગરિકે હેલ્મેટ પહેરવો આવશ્યક છે. તેમ સામાજીક અગ્રણી અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડાયરેક્ટર રાજુ જુંજાએ એક અપીલમાં જણાવ્યું છે.

જિ.પં.કારોબારીની બેઠકમાં રૂા.૧૪.૪૫ કરોડના ટેન્ડર તથા વિકાસ કામો મંજૂર

રાજકોટ, તા.૧૧

રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ કારોબારી સમિતિની બેઠક કારોબારી ચેરમેન પી.જી.કયાડાના અધ્યક્ષ સ્થાને મળતા તેમા વિવિધ કામોને મંજુરી મળેલ છે. જિલ્લા પંચાયતના સને ૨૦૨૪-૨૫ ના સુધારેલ અંદાજપત્રમાં કુલ રૂા.૯૫૮.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ અંતર્ગત કુલ રૂા.૨૧.૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લા પંચાયતના સને ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં કુલ રૂા.૧૦૯૧.૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જિલ્લા પંચાયત સ્વભંડોળ અંતર્ગત કુલ રૂા.૨૨ કરોડની જોગવાઈ મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવામાં આવી હતી.

બાંધકામના કુલ ૭ કામોના ટેન્ડરના કુલ રૂા.૧૪,૨૩,૨૫,૧૩૭ તથા જિલ્લા પંચાયત કચેરી-જૂની સિવિલ કોર્ટ બિલ્ડીંગ રીપેરીંગના ૨ કામોના કુલ રૂા.૨૨ લાખ મંજુર કરવામાં આવ્યા હતા. તેમજ બેઠકમાં અધ્યક્ષ પી.જી.કયાડા, સચિવ અને જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તથા કારોબારી સમિતિના સભ્યો જિલ્લા પંચાયતને રાજકોટના શાખાધિકારીઓ હાજર રહેલ હતો.

રાજકોટ મનપા દ્વારા કાલે રેસકોર્ષ ખાતે

હાસ્ય કવિ સંમેલન હોલી કે રંગ હાસ્ય રસ કે સંગ યોજાશે

શહેરીજનોને કાર્યક્રમ માણવા નિમંત્રણ પાઠવતા મનપાના પદાધિકારીઓ અને કમિશ્નર

રાજકોટ, તા.૧૧

રાજકોટ મનપાના મેયર નયના પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ.કમિ.તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષ રાડીયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાની એક સંયુકત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મનપા દ્વારા આગામી તા.૧૨ ના રોજ હોળી-ધૂળેટી પર્વની ઉજવણી અંતર્ગત હિન્દી હાસ્ય કવિ સંમેલન હોલી કે રંગ હાસ્ય રંગ સંગ કવિ રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આયોજન કરેલ છે. આ કાર્યક્રમનુ દિપ પ્રાગટય ધારાસભ્ય ઉદય કાનગડના વરદ હસ્તે કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયના પેઢડીયા ઉપસ્થિત રહેશે.

રાજકોટ મનપાના પદાધિકારીઓ મેયર નયના પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ.કમિ.તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ શહેરીજનોને મનોરંજન પુરૂ પાડવાના ઉમદા હેતુથી હોળી-ધૂળેટી પર્વના ભાગરૂપે આયોજીત હોલી કે રંગ હાસ્ય રંગ કે સંગ હિન્દી હાસ્ય કવિ સંમેલન માણવા ઉમટી પડવા શહેરીજનોને નિમંત્રણ પાઠવેલ છે.

ભાણવડમાં ધાર્મિક સ્થળોના મામલે હિન્દુ સમાજ દ્વારા બંધ પાડી રેલી યોજવામાં આવી આવેદનપત્ર પણ પાઠવામાં આવ્યું

મીઠાપુર, તા.૧૧

દેવભૂમી દ્વારકા જીલ્લાના ભાણવડમાં ધાર્મીક સ્થાનો ધરાશાયી કરવા સબબ નોટીસ પાઠવવામાં આવતા હિન્દુ સમાજ દ્વારા પોતાના વેપાર-ધંધા બંધ રાખીને રેલી સ્વરૂપે પહોંચીને મામલતદાર કચેરીમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ. ભાણવડ તાલુકા પંથકમાં ૭૦ જેટલા ધાર્મીક સ્થાનકો તોડી પાડવા તંત્ર દ્વારા નોટીસ પાઠવવામાં આવતા ભારે રોષ સાથે બંધ પાડવામાં આવેલ હતો અને આવેદનપત્ર પાઠવવામાં આવેલ હતુ.

નિ:સંતાન દંપતિઓ માટે નિ:શુલ્ક નિદાન કેમ્પ

રાજકોટ, તા.૧૧

ગાંધીવાદી-યુવાનોના પ્રેરણામૂર્તિ-સ્વાતંત્ર સેનાની નેશનલ યુથ પ્રોજેકટના રાહબર સ્વ.ડો.એસ.એન.સુબ્બારાવની પુણ્ય સ્મૃતિમાં નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિ:સંતાન દંપતિ માટેનો નિ:શુલ્ક મેગા આયુર્વેદિક નિદાન માર્ગદર્શન કેમ્પનુ આયોજન દર મહિનાના ત્રીજા શનિવારે સવારે વરદ હોસ્પિટલ એસ.ટી.પાછળ રાજકોટ ખાતે ૧૦ થી ૧૨ રાજેશ જે.ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ કરાયો છે.

ચકલીના માળા, કુંડા, રોપા વિતરણ

રાજકોટ, તા.૧૧

સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત લાકડાના ચકલીના માળા નિ:શુલ્ક વિતરણ કરતી સંસ્થા બજરંગ ગ્રુપ દ્વારા સંસ્થાના કાર્યાલય પંચમુખી હનુમાનજીના મંદિરની બાજુમાં, ગરેડીયા કુવા રોડ, રાજકોટ ખાતે દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ નિ:શુલ્ક લાકડાના ચકલીના માળા, માટીના કુંડા, ફીડરનુ વિતરણ કરાશે.

રહેવર સ્કૂલમાં મહિલા દિન ઉજવાયો

રાજકોટ, તા.૧૧

વિશ્વ મહિલા દિન અંતર્ગત રહેવર સ્કૂલમાં બી.એસ.નાઈન ચેનલના ભગવતીબેન અને તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી એફ.પી.એ.આઈ.ના સોનલબેન વાછાણીએ સશકિતકરણની સમજ આપેલ. સિધ્ધિ વિનાયક હોસ્પિટલના ગાયનેકોલોજીસ્ટ ડો.રોલીબેન શરણ દ્વારા સ્વાસ્થ્ય અને જાગૃતિની સમજ આપેલી તે અંગેની તસ્વીર ઝલક કાર્યક્રમને સફળ બનાવવા ભાવેશ, કલ્પના, કાજલ, પ્રિયાંશી, માનસી, કરીના વગેરેએ જહેમત ઉઠાવી હતી.

રાજકોટ બોગસ બિલના આધારે રૂ. ૭.૬૪ લાખની ઠગાઈ, એકાઉન્ટ હોલ્ડરની ધરપકડ

રણછોડનગરની પ્રેમ સિલ્વર ઓર્નામેન્ટના બોગસ બિલ બનાવી મુંબઈની શાંતિ ગોલ્ડ પેઢી પાસેથી દાગીનાના ઓર્ડર પેટે પૈસા પડાવી લીધા'તા

રાજકોટ

શહેરના રણછોડનગરમાં આવેલી પ્રેમ સિલ્વર ઓર્નામેન્ટ પેઢીના નામે મુંબઈની શાંતિ ગોલ્ડ પેઢી પાસેથી દાગીનાનો ઓર્ડર મેળવી બોગસ બિલ ચિઠ્ઠી ઉભી કરી રૂ. ૭.૬૪ લાખની ઠગાઈ આચરી લેનાર ગેંગના વધુ એક સભ્યની સાયબર ક્રાઇમ પોલીસે ધરપકડ કરી છે. અગાઉ ઝડપાઈ ચૂકેલા જલ્પેશ જેરામ નારિયાણી સહીત બે શખ્સોંએ ફેસબુકમાં આઇડી બનાવી અલગ અલગ વેપારીઓ સાથે છેતરપિંડી આચરતા હતા. બાદમાં ઠગાઈથી મેળવેલા નાણાં જામનગર રોડ પર રહેતા ગજેન્દ્ર પરમારના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતા હતા. બાદમાં ગજેન્દ્ર પરમાર પોતાનું કમિશન કાઢીને બાકીના નાણાં આરોપીઓને આપી દેતો હતો.

સમગ્ર મામલા પર નજર કરવામાં આવે તો વર્ષ ૨૦૨૪ના નવેમ્બર માસમાં સાયબર ક્રાઇમ પોલીસમાં ચંદ્રકાંત ડુંગરશીભાઈ સચાણીયા (ઉ.વ. ૬૧ રહે. એરપોર્ટ રોડ, સંકલ્પ સિધ્ધીપાર્ક રામદૂત મકાન બ્લોક નં. ૩૮/૩૯ રાજકોટ)એ નોંધાવેલી ફરિયાદ જણાવ્યું હતુંકે, તેઓ રણછોડનગરમાં પ્રેમ સિલ્વર ઓર્નામેન્ટસ્? (પી.એસ.ડબલ્યુ) નામથી ચાંદીના દાગીના બનાવવાનું કારખાનું ધરાવી ચાંદીનો વેપાર ધંધો કરે છે. આ બાબતે તેમણે ખરાઈ કરતા વેપારીની પ્રેમ સિલ્વર ઓર્નામેન્ટ પેઢીના નામે પણ મુંબઈના શાંતિ ગોલ્ડ પેઢી પાસેથી અલગ અલગ દાગીના બનાવવાનો ઓર્ડર મેળવી રૂ. ૭,૬૪,૮૦૦ પડાવી લેવામાં આવ્યા હતા. બાદમાં આ કૌભાંડમાં જલ્પેશ જેરામ નારિયાણી નામના ભેજાબાજનું નામ સામે આવ્યું હતું. મામલામાં અગાઉ બે શખ્સોની ધરપકડ થયાં બાદ સાયબર ક્રાઇમ પોલીસે વધુ એક શખ્સની ધરપકડ કરી છે. ભેજાબાજો ઠગાઈથી મેળવેલા નાણાં ગજેન્દ્ર હિંમતલાલ પરમાર(ઉ.વ.૫૯ રહે. અવધ એપાર્ટમેન્ટ, જામનગર રોડ, રાજકોટ)ના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતા હતા. બાદમાં ગજેન્દ્ર પોતાનું કમિશન કપાત કરીને બાકી રહેતા નાણાં ભેજાબાજોને આપી દેતો હતો.

સાયબર ક્રાઇમ એસીપી ચિંતન પટેલની રાહબરીમાં સાયબર ક્રાઇમ પીઆઈ જે એમ કૈલા, આર જી પઢીયાર, કોન્સ્ટેબલ પૃથ્વીરાજ સિંહ જાડેજા, હરપાલસિંહ ગોહિલ, જય આદ્રોજા અને હર્ષરાજ સિંહ જાડેજા આ કામગીરીમાં રોકાયાં હતા.

મોરબીમાં વ્યાજખોર વિરુદ્ધ કરેલ ફરિયાદનો ખાર રાખી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૧૧:

મોરબીમાં વ્યાજખોરોનો ત્રાસ જોવા મળી રહ્યો છે પોલીસ ગમે તેટલા લોક દરબાર યોજે પરંતુ હકીકત એ છે કે વ્યાજખોરોને ખાખીનો ડર રહ્યો નથી મોરબીમાં રહેતા યુવાને વ્યાજવટાવની ફરિયાદ કરતા આરોપીએ ફોનમાં ગાળો આપી રૂપિયા પરત નહિ આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે

મોરબીના નાની કેનાલ રોડ પર અવધ ૪ માં રહેતા ગૌરવ દલસુખભાઈ કાવરે આરોપી ભરત ઉર્ફે બી કે બોરીચા રહે બોરીચાવાસ મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગત તા. ૦૮ માર્ચના રોજ ફરિયાદી પોતાનું બાઈક લઈને ભરતનગર ગામ જતા હતા ત્યારે સાંજના મોબાઈલ પર ફોન આવ્યો જે નંબર જયેશભાઈના હોય જેથી ફોન ઉપાડતા જયેશભાઈએ જણાવ્યું કે ભરત બોરીચા લાઈન પર છે તેની સાથે વાત કર જેથી ફોનમાં વાત કરતા ગાળો બોલ્વાલાગ્યો હતો અને મારી પાસેથી તું જે રૂપિયા લઇ ગયો તે પાછા આપી દેજે અને હું તારી પાસેથી લઈને જ રહીશ તારે મારી પર જેટલા કેસ કરવા હોય તેટલા કેસ કરી લેજે બાકી રૂપિયા ગમે તેમ કઢાવી લઈશ કહીને ટાંટિયા ભાંગી પતાવી દેવાની ધમકી અપાઈ હતી ભરત બોરીચા પાસેથી અગાઉ રૂપિયા વ્યાજે લીધા હતા જેના રૂપિયા અડધા ચૂકવી દીધા છતાં મૂળ રકમની માંગણી કરતો હતો અને અગાઉ તેના વિરુદ્ધ વ્યાજની ફરિયાદ કરી હતી જેનો ખાર રાખી ફોનમાં ગાળો અપાઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી એ ડીવીઝન પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

મોરબીઃ નેપાળી યુવાને આપઘાત કર્યો

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૧૧:

રવાપર ઘુનડા રોડ પર રહેતા ૩૦ વર્ષના યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો આર્થિક સ્થિતિ ખરાબ હોવાથી યુવાને અંતિમ પગલું ભરી લીધાનું ખુલ્યું છે મૂળ નેપાળ હાલ મોરબીના રવાપર ઘુનડા રોડ પર નક્ષત્ર હિલ્સ શક્તિ ટાઉનશીપમાં રહેતા સુર ઉર્ફે સુરેશ લાલબહાદુર પરિહાર (ઉ.વ.૩૦) નામના નેપાળી યુવાને પોતાની રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો બનાવને પગલે સીટી એ ડીવીઝન પોલીસ ટીમે મૃતદેહ પીએમ અર્થ હોસ્પિટલ ખસેડ્યો હતો પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૃતક નેપાળી યુવાનની આર્થિક સ્થિતિ ખરાબ હતી અને થોડા સમયથી ગુમસુમ રહેતો હતો અને આર્થિક સંકડામણથી કંટાળી પોતાની જાતે ગળેફાંસો ખાઈ લીધાનું ખુલ્યું છે

રાજકોટના વૃધ્ધને હનીટ્રેપમાં ફસાવી રૂપિયા રૂા.૬.૩૧ લાખ પડાવી લીધા, મહિલા સહિત સાત સામે ગુનો નોંધાયો

(નયના દવે દ્વારા)
જામનગર તા.૧૧:

મૂળ ભાણવડ તાલુકાના સઇ દેવળીયા ગામના વતની અને હાલ રાજકોટમાં રહેતા અને ખેતી કામ કરતા વસંતભાઈ ગોરધનભાઈ શીરા નામના ૬૨ વર્ષના પટેલ જ્ઞાતિના ખેડૂત બુઝુર્ગ કે જેઓએ કાલાવડ પંથકમાં ૧૮ વીઘા જમીન ખરીદ કરી હતી.

જે જમીનને વેચવાની હોવાથી તેના જરૂરી કાગળો અને નકશા વગેરે તૈયાર કરવા માટે જામનગર માં આવેલી જમીન શાખાનો સંપર્ક કર્યો હતો, અને તેના નકશામાં ભૂલ હોવાથી સુધારો કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવા માટે તેઓ જામનગર આવ્યા હતા.

જે દરમિયાન લાલ બંગલા સર્કલમાં એક શખ્સનો તેને ભેટો થયો હતો, અને મારા કુટુંબી માસા કે જેઓ જમીન શાખામાં નોકરી કરતા હતા, અને હાલ નિવૃત થઈ ગયા છે, તેઓ તમારા નકશા વગેરે નું કામ પૂરું કરાવી આપશે, તેમ જણાવી ખોડીયાર કોલોની વિસ્તારમાં એક મકાનનું મોબાઇલમાં લોકેશન નાખ્યું હતું.

જે મોબાઈલ લોકેશન ના આધારે વસંતભાઈ ઉપરોક્ત મકાને પહોંચ્યા હતા, અને તેઓને ઘરમાં બોલાવીને બેસાડ્યા હતા. જે દરમિયાન ચાલીસેક વર્ષની એક યુવતી પાણી દેવાના બહાને તેના રૂમમાં આવી હતી.જે રૂમનો દરવાજો યુવતીએ દરવાજો બંધ કરી દઈ પોતે નિર્વસ્ત્ર બની ગઈ હતી, અને ખેડૂતને પોતાના બાથમાં લીધા હતા. જે દરમિયાન અચાનક રૂમનો દરવાજો ખોલીને બે-ત્રણ વ્યક્તિ ધસી આવ્યા હતા, અને પોતાની પોલીસ તરીકે ખોટી ઓળખ આપીને ખેડૂત ને ધાક ધમકીઓ આપી આવા ધંધા કરો છો, તમારી સામે પોલીસ કેસ કરવાનો થશે, તેમ જણાવી ડરાવ્યા ધમકાવ્યા હતા, અને આખરે ૧૫ લાખ રૂપિયામાં સમાધાન કરવા જણાવ્યું હતું.

જેમાં આખરે સેટલમેન્ટના ભાગરૂપે ૬ લાખ રૂપિયાની માંગણી કરી હતી, અને સામાજિક બદનામીના ડરના કારણે વસંતભાઈએ પોતાના અન્ય મિત્રો વગેરેની મદદથી આંગડિયા મારફતે ૫.૯૬ ૫૦૦ જેવી રકમ મંગાવી હતી.

ત્યારબાદ એક શખ્સ બાઈકમાં તેની સાથે ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં આવેલી એક આંગડિયા પેઢીમાં પહોંચ્યો હતો, અને ખેડૂત ની મદદથી ૫,૯૬,૫૦૦ ની રકમ મેળવી લીધી હતી, અને ખેડૂતને રાજકોટ રવાના કરી દીધા હતા. ત્યાર પછી ઉપરોક્ત ટોળકી એ હજુ પણ પૈસા પડાવવાની વૃત્તિ હોવાથી મોબાઈલ ફોન કરીને રાજકોટ પહોંચ્યા હતા, અને જે યુવતી તમારા રૂમમાં પુરાઈ હતી, જે અંગે તેના પતિને જાણકારી મળતાં પતિએ મારકુટ કરી છે, અને યુવતીએ ઝેરી દવા પી લીધી છે, અને હાલ જામનગરની હોસ્પિટલમાં દાખલ છે.

જે પોલીસ સમક્ષ તમારું નામ આપવાની છે, તેવો ફરીથી ડર બતાવીને વધારાના સવા લાખ રૂપિયા ની માંગણી કરી હતી.

જે રકમ પોતાની પાસે હાલ ન હોવાથી માત્ર ૩૫,૦૦૦ છે, તેમ કહેતાં ઉપરોક્ત શખ્સો ૩૫,૦૦૦ની રકમ લઈને ભાગી છુટ્યા હતા. ત્યારબાદ વધુ પૈસા કઢાવવા માટે અવારનવાર મોબાઈલ ફોન કરતા હતા જેથી તેઓના હેરેસમેન્ટથી કંટાળી જઈ ખેડૂત વસંતભાઈ પોતાના પરિવારને જાણ કરી હતી. જેથી આખરે મામલો પોલીસ મથકમાં લઈ જવા માં આવ્યો હતો જે સમગ્ર બનાવ બાબતે વસંતભાઈએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં એક મહિલા સહિત સાત આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

સિગ્નલ તોડીને નીકળેલા ચાલકને અટકાવતા

રાજકોટઃ હું સદર બજારનો ડોન છું કહી પોલીસ સાથે ઝપાઝપી, વર્દી ઉતરાવી મારી નાખવાની ધમકી આપી

રાજકોટ તા.૧૧:

રાજકોટ શહેરમાં તસ્કરોની સાથે સાથે લુખ્ખા અને આવારા તત્ત્વો બેફામ બન્યાં છે. અવારનવાર પોલીસ પર હુમલા અને ફરજ રૂકાવટની ફરિયાદો સામે આવતા જાણે ખાખીનો ખોફ ઓસરી ગયો હોય તેવું લાગી રહ્યું છે. વધુ એક ઘટનામાં શહેરના ભૂતખાના ચોકમાં ટ્રાફિક સિગ્નલ પર બંધ સાઈડમાંથી નીકળેલા એકસેસ ચાલકને ટ્રાફિક પોલીસ ઋતુરાજસિંહ રાણાએ અટકાવતા ચાલક સમીર બ્લોચ ઉશ્કેરાયો હતો અને હું સદર બજારનો ડોન સમીર બ્લોચ છું બધી પોલીસ મારા હાથમાં છે કહીં કોન્સ્ટેબલને ધક્કે ચડાવ્યાં હતા અને બેફામ ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે એ.ડિવિઝન પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટરમાં રહેતાં રૂતુરાજસિંહ રાણાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સદર બજારના સમીર બ્લોચનું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ટ્રાફિક શાખામાં સેક્ટર નં.૦૩માં પોલીસ કોન્સટેબલ તરીકે છેલ્લા ૫ મહિનાથી ફરજ બજાવે છે. ગઈકાલે તેઓની નોકરી ભુતખાના ચોકમાં બપોરના ૩ વાગ્યાથી રાત્રિના ૧૧ વાગ્યા સુધીની હતી. તેઓ ભુતખાના ચોક પાલજી સોડાની દુકાન સામે ટીઆરબી બ્રીગેડ ગણેશા અશ્વીન તથા મૈયડ પ્રસાદ સાથે ફરજ ઉપર હાજર હતા.

ત્યારે સાંજના ૭.૩૦ વાગ્યાની આસપાસ તેઓ ટ્રાફિક ક્લિયર કરાવતાં હતાં.લોધાવાડ ચોકી તરફની સાઇડ બંધ કરાવી બીજી સાઇડનું ટ્રાફિક ક્લિયર કરાવતાં હતાં. તે દરમિયાન બંધ સાઇડ તરફથી એક નંબર પ્લેટ વગરનું એકસેસ વાહન લઇ ચાલક તેની સાઇડ બંધ હોવા છતાં તે ત્યાંથી જતો હતો. જેથી એકસેસ ચાલકને ઉભો રાખીને પુછેલું કે, તમારી સાઇડ બંધ છે તો પણ તમે કેમ બાઈક ચલાવીને જાવ છો ?, તેવુ કહેતા તે ઉશ્કેરાયો હતો અને હું સદર બજારનો ડોન છું, મારૂ નામ સમીર બ્લોચ છે. બધી પોલીસ મારા હાથમાં છે મને હજી તું ઓળખતો નથી, મારી ગાડી તારાથી રોકાય કેમ? તને હું જોય લઇશ કહી સમીર બ્લોચ તેનું એકસેસ લઇને બીજા વાહનોને ભટકાય તે રીતે ભાગવા લાગ્યો હતો.

ત્યારે ફરીયાદીએ બન્ને ટીઆરબી જવાનોની મદદથી તેના એક્સેસને રોકીને તેને ત્યા ઉભો રાખ્યો હતો. ત્યારે સમીર બ્લોચ જેમ ફાવે તેમ અભદ્ર ભાષામાં ગાળો આપવા લાગતા તેને શાંતી રાખવા જણાવ્યું તો તે વધુ ઉશ્કેરાઇને કહેવા લાગ્યો કે, હું તને મારી નાખીશ કહીં ધમકી આપી, તારે જે કરવું હોય તે કરી લે હું તારી વર્દી ઉતારી નાંખીશ કહી પોલીસ કર્મી સાથે જાહેર રોડ ઉપર ઝપાઝપી કરવા લાગ્યો હતો. બાદમાં પોલીસે કંટ્રોલ રૂમમાં ફોન કરી પોલીસની ગાડી બોલાવી અને આરોપીને એ.ડિવિઝન પોલીસ સ્ટેશન લાવી તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વાંકાનેરમાં દુષ્કર્મના ગુનામાં છ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

(રવિ નિમાવત દ્વારા)
મોરબી તા.૧૧:

વાંકાનેર તાલુકા પોલીસ મથકના દુષ્કર્મના ગુનામાં સંડોવાયેલ આરોપી છેલ્લા છ વર્ષથી નાસતો ફરતો હતો જેને એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમે ઝડપી લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

મોરબી જીલ્લામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવા ડ્રાઈવનું આયોજન કરવામ આવ્યું હોય જેથી એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૯ માં દુષ્કર્મના ગુનામાં સંડોવાયેલ આરોપી અજય ગીધારભાઈ બારીક રહે બાળેશ્વર ઓરિસ્સા વાળો હાલ ઢુવા માટેલ રોડ પર ટોરીસ બાથવેર સિરામિક કારખાનામાં હોવાની બાતમી મળતા ટીમે સ્થળ પર તપાસ કરતા આરોપી અજય બારીક મળી આવ્યો હતો જે આરોપીને ઝડપી લઈને આગળની કાર્યવાહી અર્થે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનને સોપવામાં આવ્યો છે

રાજકોટઃ દારૂના ધંધાર્થીએ બેફામ કાર ચલાવી યુવકને ઠોકરે લેતા મોત

રાજકોટ તા.૧૧:

શહેરના ઢેબર રોડ ઉપર અટીકા ફાટક પાસે રવિવારે કારચાલકે પુરપાટ ઝડપે કાર હંકારી બુલેટને ઠોકરે લેતા ગંભીર ઈજા થવાથી યુવકનુ મૃત્યુ નીપજયું હતું. દરમિયાન તપાસ કરતા અકસ્માત સર્જનાર શખ્સ લોહાનગરનો દારૂનો ધંધાર્થી હોવાનું તપાસમા ખુલતા લોધીકાના પાળ ગામે રહેતા મૃતકના પિતરાઈ ભાઈની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી અકસ્માત સર્જી નાશી છુટેલા કારચાલકની શોધખોળ હાથ ધરી છે.લોધીકાના પાળ ગામે રહેતા અને ખેતીકામ કરતા અશોકસિંહ ભરતસિંહ જાડેજાએ શ્રમજીવી સોસાયટીમાં રહેતા પિતરાઈ ભાઈ સિદ્ધરાજસિહ ધર્મેન્દ્રસિંહ જાડેજા (ઉ.૩૦) નામના યુવાનના બુલેટ સાથે કાર અથડાવી મૃત્યુ નીપજાવવા અંગે લોહાનગરમાં રહેતા જી જે ૦૩ એમ એચ ૮૨૮૧ નંબરની કારના ચાલક ધર્મેશ ઉર્ફે ધમો વાંદરી જાદવ સામે ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલે મનેપોલીસનો ફોન આવેલ જેમાં બુલેટ સંભાળી સમગ્ર બનાવમા મધુવને વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરઃ ૧૧ વર્ષીય બાળકી માટે મોબાઈલ ફોન જીવલેણ સાબિત થયો

મોબાઈલ ફોન લેવા અંગે બહેન સાથે ઝઘડો થયા પછી આપઘાત

(નયના દવે દ્વારા)
જામનગર તા.૧૧:

જામનગર નજીક દરેડમાં રહેતા એક શ્રમિક પરિવારની ૧૧ વર્ષની બાળકીને માટે મોબાઈલ ફોન જીવલેણ સાબિત થયો છે. મોબાઈલ ફોન વાપરવા લેવા માટે પોતાની બહેન સાથે ઝઘડો થયા બાદ મનમાં લાગી આવતાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. આ બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જામનગર નજીક દરેડ વિસ્તારમાં મધુવન મેટલ નામના કારખાનામાં રહીને મજૂરી કામ કરતા માતાપ્રસાદ જાટવના ૧૧ વર્ષીય પુત્રી માયાવતીબેન કે જેણે ગઈકાલે પોતાના રહેણાક મકાનમાં લોખંડની આડશમાં સાડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા નો પ્રયાસ કર્યો હતો. તેથી તુરતજ ૧૦૮ ની ટુકડીને બોલાવી લેતાં તે ટુકડી બનાવના સ્થળે પહોંચી હતી, પરંતુ તે પહેલા માયાવતીબેન નું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાયું

રાજકોટઃ સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્મચારીને ગ્રેચ્યુટીની રકમ ૧.૯૧ લાખ વ્યાજ સાથે ચૂકવવા હુકમ

રાજકોટ તા.૧૧:

સહારા ઇન્ડિયા રાજકોટ રિજનલ કચેરીમાંથી ૨૬ વર્ષની સેવાબાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર કર્મચારીએ તેના હક્કની ગ્રેજ્યુટીની રકમ મેળવવા સેન્ટ્રલ લેબર કમિશનર સમક્ષ દાખલ કરેલી અરજીના ચાર વર્ષ પહેલાંના કેસમાં ગ્રેજ્યુટીની રકમ રૂપિયા ૧.૯૧ લાખ ૧૦% વ્યાજ સાથે ૩૦ દિવસમાં ચૂકવી દેવા હુકમ કર્યો છે.

આ અંગેની મુજબ, સહારા ઇન્ડિયા કંપની (લખનૌ હેડ ઓફીસ)ના રાજકોટ રીજન ઓફીસના કર્મચારી ત્રિવેદી દિવ્યકાન્ત પ્રતાપરાયે ૨૬ વર્ષ ફરજ બજાવ્યા બાદ તારીખ ૧૫/ ૦૨/ ૨૦૨૧ના રોજથી સ્વેરછાએ નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ દિવ્યકાન્ત ત્રિવેદીએ ગેજ્યુટીના હકકો માટે અનેક વખત કંપનીમાં રજુઆત કરવા છતાં સહારા ઈન્ડિયા કંપની દ્વારા તેમની ગેજ્યુટીની રકમનું જ ચૂકવણું કરવામાં આવેલ ન હતું. તેથી તેમણે શ્રમ આયુકત (સેન્ટ્રલ) સમક્ષ ગેજ્યુટીની રકમ માટે કેસ દાખલ કરેલ હતો. અરજદાર વતી વકીલ ભૂષણ વાછરાજાનીએ રજૂઆતો કરી હતી કે ગ્રેજ્યુટી કર્મચારીનો હક છે, સુપ્રીમ કોર્ટની મેટર અલગ છે, તે સબબ ગ્રેજ્યુટી અટકાવી શકાય નહીં તે મતલબની કરેલી રજૂઆતો દલીલો અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ સેન્ટ્રલ લેબર કમિશનરે દિવ્યકાન્ત ત્રિવેદીની અરજી મંજુર કરીને સહારા ઈન્ડિયા કંપનીના તમામ વાંધાઓને ફગાવી દેવામાં આવેલ હતા સહારા ઈન્ડિયા કંપનીએ ત્રિવેદી દિવ્યકાંન્તને ગ્રેજયુટીની રકમ રૂ. ૧,૯૧,૮૩૫/- ૧૦ % વ્યાજ સાથે ૩૦ દિવસમાં ચુકવી આપવી તેવો હુકમ કર્યો હતો. તેમ છતાં કંપની દ્વારા સમયસર હુકમનું પાલન નહીં કરાતા સેન્ટ્રલ લેબર કમિશનર, કલેકટર તંત્ર મારફત રેવન્યુ રહે વસૂલાતની તજવીજ થતા અંતે સહારા કંપનીએ દિવ્યકાન્ત ત્રિવેદીને તેના હક્કની ગ્રેજ્યુટી ચૂકવવી પડી હતી. સહારા ઇન્ડિયા (લખનઉ)ની કંપની સામે આ કેસમાં ગ્રેજયુટીની રકમ વ્યાજ સાથે ચુકવવાનો હુકમ થતા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઇ છે. આ કેસમાં અરજદાર વતી એડવોકેટ ભૂષણ કે. વાછરાજાની રોકાયા હતાં.

રાજકોટઃ જય ગણેશ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિકને ચેક રિટર્નનો કેસમા ૧ વર્ષની સજા

ચેકની રકમનું સવા ગણું વળતર ચૂકવવા અદાલતનો હુકમ

રાજકોટ તા.૧૧:

શહેરના મવડી ચોકડી ખાતે આવેલા જય ગણેશ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ના માલિક સામેનો ચેક રિટર્નનો કેસ ચાલી જતા અદાલતે એક વર્ષની સજા અને ચેકની રકમની સવા ગણિ રકમ વળતર પેટે ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા ગુણવંતભાઈ ભવનભાઈ ગજેરાએ મવડી ચોકડી ખાતે આવેલા જય ગણેશ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ના ધંધાથી સંદીપભાઈ ધીરજભાઈ મેઘાણી નામના વેપારીએ મિત્રતાના દાવે ૧.૧૦ લાખ હાથ ઉછીના લીધા હતા. જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ જય ગણેશ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક સંદીપ મેઘાણીને વકીલ મારફતે નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે નેગોસીએબલ એકટ હેઠળ અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. જે ફરિયાદની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ અને દસ્તાવેજી પુરાવા અંતે હાઇકોર્ટના પ્રતિપાદિત થયેલા સિદ્ધાંતો રજૂ રાખેલા એ ધ્યાને લઇ એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ એમ એ પીપરાણીએ આરોપી સંદીપ મેઘાણીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેક ની રકમની સવાગણી ૧.૩૭.૫૦૦ ફરિયાદીને બે માસમાં વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કરેલો જો રકમ ન ચૂકવે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલો છે. આ કામમાં ફરિયાદી તરફે રાજકોટના ધારાશાસ્ત્રી કેતન દવે, બિનિતા શાહ, અજય દાવડા ,યસ ચોરેલા મિત સોમૈયા અને જીજ્ઞાબેન કારીયા રોકાયા હતા

જામનગરઃ યુવાનનો માતાની બીમારી જોઈ નહીં શકતાં આપઘાત

(નયના દવે દ્વારા)
જામનગર તા.૧૧:

જામનગર નજીક વિજરખી ગામમાં રહેતા આલાભાઇ દાનાભાઈ વાઘેલા નામના ૪૧ વર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘેર લોખંડના એંગલ માં દોરડું બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના પિતા ધનાભાઈ અમરાભાઇ વાઘેલાએ પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.એચ. લાંબરીયા બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક યુવાનના લગ્ન થયા ન હતા, તેમજ તેના માતા વીરૂબેન કે જે ખૂબ જ બીમાર રહેતા હતાં, અને પગે ચાલી શકતા ન હોય તેથી માતાની બીમારી જોઈ નહીં શકતાં આખરે તેણે આપઘાતનું પગલું ભરી લીધાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે.

રાજકોટઃ ક્રિષ્ના એપાર્ટમેન્ટ માંથી જુગારધામ ઝડપાયું

રાજકોટ તા.૧૧: શહેરમાં આવેલા ક્રિષ્ના એપાર્ટમેન્ટના ચોથા માળે ૪૦૧ નંબરના ફ્લેટમાં જુગાર રમતી બે મહિલા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી ૧ ૨૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના જંકશન પ્લોટ શેરી નંબર ૧૬ માં આવેલા ક્રિષ્ના એપાર્ટમેન્ટના ૪૦૧ નંબરના ફ્લેટમાં જુગાર રમતો હોવાની ભાવનગર પોલીસ મથકના કોન્સ્ટેબલ તોફિકભાઈ મગરાને મળેલી બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતાચાર શખ્સની ધરપકડ કરી જુગારના પટમાંથી રૂપિયા ૨૧૦૦૦ કર્યો છે.